॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

માર્ચ-૨૦૨૪ * વર્ષ ૩૮ * અંક ૧૨



અતિ રમ્ય મનોહર દિવ્ય પરમ, કરુણામયી નિર્મલ મૂર્તિ શ્રુતમ્,

**વિલસે હૃદયે સાહેબ અનુપમ...**

સંતભગવંત સાહેબજીના ૮૫મા મંગલ પ્રાગટ્યપર્વે ગદ્ગદભાવે હૃદયવંદના !

સ્વામિશ્રીજી



# સાહેબ કોણ છે ?

**સાહેબ** કોણ છે ?

બહાર જે દેખાય છે તે સાહેબ.
સૌની સાથે હસે ને આનંદ કરાવે તે સાહેબ
હેત કરે પ્રેમ વરસાવે તે સાહેબ
કથાવાર્તામાં જ્ઞાન પીરસે તે સાહેબ
આપણા વ્યવહારમાં રસ લઈ પૂછે તે સાહેબ
આપણા સુખના ને દુઃખના પ્રસંગે સાથે ઊભા રહે તે સાહેબ
આપણે જે આપીએ તે વખાણી સ્વીકારે તે સાહેબ
આપણે જે કંઈ સમર્પણ કરીએ તેનો મહિમા કરે તે સાહેબ
હા ! આ સાહેબ, પણ તે આપણી માયિક દૃષ્ટિએ
આપણે મૂલવ્યા તે સાહેબ...
સૌની દૃષ્ટિમાં આવ્યા... બુદ્ધિએ માપ્યા...
મોટા લાગ્યા... ભાવ થયો... તે આપણી કક્ષાથી મૂલવ્યા
તે સાહેબ...
પણ
સાહેબ તેથી વિશેષ છે.
તેઓના રોમરોમમાં શ્રીજીનો વાસ છે
તેઓને સ્વામીનો સંગાથ છે
યોગીનો વારસો ધારી રહ્યા છે
યોગીને જ રાજી કરવા કેવળ શ્વાસોચ્છ્વાસ છે
તેઓનું હલનચલન ને પ્રતિપળનું જીવન
તે કેવળ સ્વામિશ્રીજીને પ્રસન્ન કરવા માટે છે
તેઓને અને યોગીને એકરૂપતા છે
સ્વામિશ્રીજી તેઓ દ્વારા આ બ્રહ્માંડે વિચરે છે
તેઓ સૌનાં હૈયે પ્રભુ આપે છે
તેઓ પરબ્રહ્મના દાસ છે
બ્રહ્મસ્વરૂપે વર્તી સૌને બ્રહ્મદર્શન કરાવે છે.
સૌનો માયિકભાવ ટાળી બ્રહ્મભાવ કરાવવો એ જ ઉદ્યમ છે
સૌને શ્રીજી સ્વામી શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજનો
મહિમા સમજાવવો તે જ અનુસંધાન છે.
આજે માનવરૂપમાં જે દૃષ્ટિમાં ભાસે છે તે સાહેબ
સાકાર બ્રહ્મનું સ્વરૂપ છે...
તેવા દિવ્ય સાહેબ આપણને મળ્યા
તેઓએ આપણને સ્વીકાર્યા ને પોતાના કર્યા
પ્રભુના થઈને જીવી જ લેવું તેવો ભાવ તેઓએ જગાડ્યો
તેઓની કૃપાથી જ આપણાં લૌકિક બંધન છૂટ્યાં છે
તેઓના સંકલ્પે જ તે બંધન છૂટી રહ્યાં છે.
તેઓના સંકલ્પે જ સ્વભાવ છૂટી રહ્યા છે
તેઓના સંકલ્પે જ દોષરહિત થઈ રહ્યાં છીએ
તેઓને યોગીબાપાએ આશીર્વાદ દીધા છે
***'હે જશુભાઈ સાહેબ !***
***તમ દ્વારે ૬૦૦૦ એકાન્તિકો તૈયાર થશે.'***
આ સંકલ્પ બાપાનો સાહેબ દ્વારા સિદ્ધ થવાનો...
તે સંકલ્પમાં આપણે આવ્યાં તેનું ગૌરવ કરવાનું છે.

હવે આપણી સાધના...
પરમ પૂજ્ય સાહેબજીને બ્રહ્મનું સ્વરૂપ માનવાની છે
બ્રહ્મ સર્વમાં સર્વકાળે વિચરે... નિયંત્રણ કરે
આપણી આસપાસ વસતા સૌ મુક્તોમાં તે
આપણા અંતર સિંહાસને પણ તે
સર્વમાં સર્વત્ર તેમનાં દર્શન કરવાનાં
જે દી સૌમાં તેઓનાં દર્શન થઈ જશે...
સર્વમાં તે મનાઈ જશે ત્યારે તેમને બ્રહ્મસ્વરૂપ માન્યા ગણાશે
તે માનવરૂપ છે પણ માનવ નથી
તે માનવ સ્વરૂપમાં સાકાર બ્રહ્મ છે
તે માનવા માટે આપણી સાધના છે.
તેમનામાં મનુષ્યભાવ નહિ
તેમની કોઈ ક્રિયામાં મનુષ્યભાવ નહિ
અનંતનાં કલ્યાણ અર્થે જ પ્રતિપળ જીવે છે.



બુદ્ધિમાં ન બેસે... શંકા થાય...
તે નિવારવું તે આપણી સાધના છે
અખંડ અહોભાવમાં રહેવું તે સાધના છે
તેઓમાં શ્રીજી સ્વામી વિચરે છે તે માનવું તે સાધના છે
તેઓની એક પણ ક્રિયા તે કરતા નથી
તેઓનું હલનચલન પણ પરબ્રહ્મ નિયંત્રિત છે
તે માનવું તે આપણી સાધના છે
આંશિક નહિ... પૂર્ણપણે તેનો સ્વીકાર કરવાનો છે
આપણા સંકલ્પો પૂરા કરે તો મનાય છે
અંતર્યામીપણે જવાબ દે તો મનાય છે
આપણાં ગમતાંમાં વર્તે તો મનાય છે
તેવા જ
આપણા સંકલ્પો તોડે તો મનાય
આપણાં ગમતાંને રોકે તોય મનાય
તે આપણી સાધના છે.
તો હે મુક્તો...
આપણે તે સિદ્ધ કરવું છે તે દઢાવ કરીએ
સાહેબમાં શ્રીજી નીરખીએ... સ્વામી અનુભવીએ.

– તે માટે પૂ. અશ્વિનભાઈ–પૂ. રતિભાઈ–પૂ. હર્ષદભાઈ–
પૂ. વી.એસ.–પૂ. સનંદભાઈ–પૂ. પૂનમભાઈ
જેવા સંતોને સેવીએ
તેઓએ સાહેબને પોતાનો આત્મા માન્યો છે
તેઓએ પોતાના જીવનને તેમના શરણે હોમ્યું છે
તેઓએ સાહેબને બ્રહ્મસ્વરૂપમાં અનુભવ્યા છે
તેઓની પ્રતિક્ષણ સાહેબની ભક્તિમાં વીતે છે
તેઓના સમાગમે – તેઓના વચનમાં વિશ્વાસ કરવાથી
સાહેબમાં બ્રહ્મસ્વરૂપનાં દર્શન થશે
સાહેબમાં 'સ્વ'નાં સમર્પણ થશે...

– તે માટે સંબંધવાળાની સેવા કરીએ
ગરજ બતાવીએ... પોતાના આત્મકલ્યાણ માટે
સંબંધે નિર્દોષ માનીને સેવા કરીએ
તે સાચા અર્થમાં ભક્તિ હશે
સ્વ સાચવીને સેવા થાય
સામાને જરૂર છે ને મદદ કરીએ ને સેવા કરીએ
તે ભક્તિ હશે... પરાભક્તિ નથી જ
પરાભક્તિ તો નિર્દોષબુદ્ધિના પ્રતાપે જ શક્ય બને
પ્રભુસ્વરૂપોને નિર્દોષ માની તેમને રાજી કરવા જે
કરીએ તે પરાભક્તિ હશે
તેવી પરાભક્તિ જ આપણને સાહેબમાં સાકાર
બ્રહ્મસ્વરૂપનાં દર્શન કરાવશે.

– તે માટે સાહેબના આદેશ પ્રમાણે
ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ... જેથી
ક્રિયાનો પાશ લાગશે નહિ
ક્રિયા સર્વ પરાભક્તિ બનશે
મુક્તોમાં મહારાજ દેખાઈ જશે
સંબંધવાળાની સેવા અહોભાવે થશે
અંતરે બ્રહ્મનો આનંદ પ્રગટશે
જગતના વ્યવહારનાં બંધન છૂટી જશે
કેવળ બ્રહ્મસ્વરૂપ એવા સાહેબ સાથે બંધન પાકું થશે.

તો હવે
સાહેબના પ્રાગટ્યનું પર્વ આવે છે
તે પર્વની ઉજવણીની તૈયારી સ્વરૂપે
આટલું કરી જ લેવું છે
તે સંકલ્પ દઢ કરી આપણે મંડી પડીએ.
પૂ. અશ્વિનભાઈ પધાર્યા છે
તો તેઓના ચરણે પ્રાર્થના ધરજો
સાહેબમાં ઓગળી જવાના સંકલ્પો ધરજો
તેઓ સાહેબસ્વરૂપ છે
આપણી કાકલૂદીભરી પ્રાર્થના સાંભળશે
આપણે ન્યાલ થઈ જઈશું.
તો રાજી રહેજો !

**લિ. સહૃદયી**
સાધુ હરિપ્રસાદના જય સ્વામિનારાયણ.
૧૪.૩.૨૦૦૨





# સાધુ રે સાધો... ભગવાં હૃદયની સાધુ સહજતા !

**સાધુ થાવું.** મનુષ્ય જીવનનું કોઈ અંતિમ લક્ષ્ય હોય તો એ છે સાધુ થાવું. આ ધ્યેય સહજ પ્રાપ્ત થાય તેવું નથી. ભગવાનના ધારક પ્રગટ સત્પુરુષની કૃપા અને અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય તો સાધુ થવાય.

સાધુ થાવું એનો અર્થ કેવળ એવો નથી કે આપણાં વસ્ત્રના રંગ બદલવા, વેશ-કેશ ને પહેરવેશમાં પરિવર્તન આણવાં, અહીંથી આ છોડીને કશેક બીજે જવું. સાધુ થાવું એટલે જીવમાં અને જીવનમાં સાધુતા પ્રગટાવવી. સાધુતા એવી દિવ્ય આભા છે જે ઢાંકી ના ઢંકાય, એક એવી પવિત્ર સુવાસ છે જે સહજ અનુભવાય. સાધુતા ભગવદ્ પ્રાગટ્યની પ્રથમ અને અનિવાર્ય પ્રાથમિકતા છે.

દુનિયામાં જાત-જાતના કસબ છે. કસબ એટલે આવડત, હુન્નર. પરંતુ, તે સર્વ કસબમાં સાધુતાનો કસબ શિરમોર છે; કારણ, જેનામાં સાધુતા સહજતા પામી તેનામાં સાક્ષાત્ પ્રભુના તત્ત્વના અખંડ નિવાસ રહે, અને તેથી પરમ આનંદ, બ્રહ્મ આનંદ અને સહજાનંદ સહજ રહે !

વિ.સં. ૨૦૮૦ની આ હુતાશની-હોળીના અવસરે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૬મા પ્રાગટ્યમંગલે આપણે તેઓના શ્રીચરણે નતમસ્તક થઈ, તેઓના જીવનમહિમાના વિચાર કરી હૃદયવંદન ધરીએ, ત્યારે ધન્યભાવે સાધુતાના કસબને સહજ કરવા સારુ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પાસે આપણા સૌ માટે તેઓએ જે જીવનમાર્ગ પ્રાપ્ત કરાવ્યો તે માટે પણ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને અનંતકોટિ હૃદયવંદન અર્પણ કરીએ.

પ્રસંગ તો સાંખડાવદરના બીડમાં બન્યો હતો. રસ્તામાં આવતા એક નાનકડા ગામ માળિયામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા હતા અને મંદિરના આંબાવાડિયામાં સંતો પાર્ષદો અને હરિભક્તોને પોતાનાં દર્શન અને સત્સંગનું અલભ્ય સુખ આપી રહ્યા હતા. અચાનક આંબા તરફ દૃષ્ટિ કરી સ્વામી બોલ્યા, “આ આંબા પાણી વગર સુકાય છે...” સ્વામીએ કોઈને સીધી કે આડકતરી આજ્ઞા તો નહોતી કરી; પરંતુ, સ્વામીના અંતરના અભિપ્રાયને પામી પ્રાગજીભક્ત (બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ) ઊભા થયા અને આશરે ૩૦૦ આંબાને બે-બે મોટા દેગડા પાણી ભરી પાયા. આ તરફ સ્વામીએ ઉપસ્થિત અન્ય સૌને પોતાનાં દર્શન અને કથાવાર્તાનાં અલૌકિક સુખ આપ્યાં.




૩૦૦ આંબાને પાણી પાઈ પલળેલાં કપડે પ્રાગજીભક્ત જ્યારે સ્વામીની સભામાં પહોંચ્યા ત્યારે કોઈકે પ્રાગજીભક્ત સામું કટાક્ષમાં કહ્યું પણ ખરું, ‘લાડવા ભેળાઈ રહ્યા અને પતરાંવળાં રહ્યાં ત્યારે આ ભગત આવ્યા !’ સ્વામીએ આ શબ્દો સાંભળ્યા અને આકરા બોલ્યા, “પ્રાગજીએ તો મારી મરજી જાણીને જે સેવા કરી છે તે તમને નહીં સમજાય.” પછી રાજી થઈ પ્રાગજીભક્ત સામે અમીદૃષ્ટિ કરી સ્વામી બોલ્યા, “પ્રાગજી, હવે તું પ્રશ્ન પૂછ, તો તેના પર વાતું કરીએ.”

આ ક્ષણે પ્રાગજીભક્તે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને પૂછેલો પ્રશ્ન એ જગતના આધ્યાત્મિક ઇતિહાસનો એક પરમ મંગલમય અને પરમ કલ્યાણકારી પ્રશ્ન હતો. તેઓએ પૂછ્યું, ‘સ્વામી, મને સાધુનો કસબ શિખવાડશો ?’ પ્રશ્ન સાંભળી સ્વામી બોલ્યા, “આ તો વેદ અને શાસ્ત્રના સર્વ સિદ્ધાંતોના સાર રૂપ પ્રશ્ન પૂછ્યો.”

આ પ્રશ્નનો ઉત્તર આપતાં જાણે સ્વામી પ્રાગજીભક્તને પોતાના શબ્દબ્રહ્મની શક્તિ દ્વારા સાધુતાના દિવ્ય ગુણોથી વિભૂષિત કરતા હોય તેમ કૃપા કરી બોલ્યા, “પ્રાગજી ! સાંભળ. સાધુનો કસબ તો એમ છે જે, પ્રથમ જે પૂજન કરે તે જ ગળું કાપે, જે પૂજન કરે તે જ નાક-કાન કાપીને ગધેડે બેસાડે, છતાં તે બંને ક્રિયામાં સમ વર્તે અને તેવું કરનારા વ્યક્તિ વિશે સહેજ પણ અભાવ ના આવે. વળી, દેહની બધી જ ઇન્દ્રિયોની વૃત્તિને કેવળ શ્રીજી મહારાજની મૂર્તિમાં પરોવી રાખે એ સાધુનો કસબ છે. પ્રાગજી! આ જ વાત શ્રીજી મહારાજે ગઢડા પ્રથમના ૨૭મા ‘વચનામૃત’માં કહી છે. જેને સાધુતાનો આ કસબ સિદ્ધ થશે તેને ધર્મ પણ સહજ સિદ્ધ થશે, પંચવિષય કે કામક્રોધાદિક સ્વભાવ જીતવામાં તેને પ્રયાસ કરવો નહીં પડે, પ્રભુની કૃપા અને રાજીપાથી એ સર્વે સહેજે જ જિતાઈ જશે. એવો સાધુનો કસબ જેને સિદ્ધ થાય તેના નેત્રમાં તો ભગવાન જોનારા છે, તેના પગમાં ચાલનારા સ્વયં ભગવાન છે, અને એવા સાધુની સર્વ ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે; તેથી, તેવા સંત મનુષ્ય હોય તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. માટે પ્રાગજી! સાધુ થાવું અને સાધુતા પામવી એ થકી બીજી મોટી પદવી આ બ્રહ્માંડમાં કોઈ નથી.”

આપણને ગુરુહરિ સંતભગવંત સાહેબજી રૂપે ભગવાનના એ જ દિવ્ય સ્વરૂપ પ્રાપ્ત થયા છે; તો પ્રાર્થના છે તેઓના સ્વરૂપનાં યથાર્થ દર્શન પામી તેઓ રાજી થાય તેવાં આપણાં સૌનાં વિચાર, વાણી અને જીવન બનો ! ◆

~ સાધુ મનોજદાસ



સ્વામિશ્રીજી



### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય-નિશ્ચય-આશરો-સેવા.**
**એકતા નગર, રાજપીપળા, નર્મદા : ૧ ડિસેમ્બર ૨૦૨૩**

**વર્ષોથી** જળઝીલણીનો ઉત્સવ વડોદરા ખાતે અ.નિ. જે.સી. પટેલ, અ.નિ. ભરતફુઆના સમયથી વડોદરા સત્સંગમંડળ ઊજવે છે. આ વર્ષે પણ જળઝીલણીનો ઉત્સવ સદ્‌ગુરુ પ.પૂ. અશ્વિનભાઈના સાંનિધ્યમાં નર્મદા કિનારે સુંદર રીતે ઊજવવો હતો. પણ, આપણે જાણીએ છીએ કે, આ અરસામાં વાવાઝોડાના તોફાનની આગાહી હતી એટલે એ કૅન્સલ રાખ્યું. પણ બધાંનાં હૈયાંમાં સમૈયો ઊજવવાનો થનગનાટ રહ્યો જ હતો. પરિણામે, વરસાદનો માહોલ સારો થતાં પૂ. શંકરકાકા, પ્રમુખશ્રી પૂ. અશ્વિનભાઈ, પૂ. સી. ટી. પટેલની પ્રાર્થનાથી સદ્‌ગુરુ પ.પૂ. અશ્વિનભાઈની આજ્ઞાથી આ ‘સ્ટૅચ્યૂ ઑફ યુનિટી’ના કેવડિયા પરિસરમાં ત્રણ દિવસનો સમૈયો તે પણ કેવળ યુવાનોને જ અનુલક્ષીને રખાયો, આનંદ થયો.

૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો પછી યોગીજી મહારાજ બોચાસણ સંસ્થાના અધિપતિ તરીકે બિરાજ્યા. શાસ્ત્રીજી મહારાજે નિર્દેશ કરેલો - ‘હું તે યોગી ને યોગી તે હું.’ પણ કોઈને ખ્યાલ ના આવે કારણ કે, યોગીજી મહારાજ ભલા-ભોળા, સીધા-સાદા સામાન્ય સાધુ દેખાતા. યોગીજી મહારાજ હેત-પ્રેમ કરતા, આપણું ધ્યાન રાખતા, આપણે કહીએ તેમ કરતા, આપણી વાત સાંભળતા એટલે ભલા-ભોળા લાગતા. પણ, બોચાસણ સંસ્થા અત્યારે જે સ્તરે છે ત્યાં લઈ જવાનું પાયાનું કામ ૧૯૫૦ પછી યોગીજી મહારાજે કર્યું. આપણે જાણી છીએ કે, તે વખતના સમૈયામાં અત્યારની દૃષ્ટિએ કોઈ વ્યવસ્થા નહોતી. પણ, બાપાએ કોઈને કહ્યું નહીં કે, તમે આ બરોબર નથી કરતા, તમારે આમ કરવું જોઈએ-તેમ કરવું જોઈએ. યોગીજી મહારાજ એટલે માહાત્મ્યનું સ્વરૂપ ! કોઈ દિવસ નકારાત્મક વાત તેમના મુખ પર ના આવે, એ વિચાર જ નહીં. એમણે સંકલ્પ કર્યો અને ૧૨થી ૩૦ વર્ષના યુવાનોને એમણે દૃષ્ટિમાં લીધા. બાપાએ જોયું કે, આ યુવાનો માત્ર ઉપદેશથી સુધરતા નથી, પણ પ્રેમથી સુધરે છે. પ્રેમના શસ્ત્રનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ જો કોઈએ કર્યો હોય તો તે યોગીજી મહારાજે. અમને બધા યુવાનોને તેઓએ અસાધારણ પ્રેમ આપ્યો. મહંત સ્વામીથી લઈને હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, પ્રેમસ્વરૂપ સ્વામી, ડૉક્ટર સ્વામી, ભક્તિપ્રિય સ્વામી, ઈશ્વરચરણ સ્વામી ને બધા સંતો અને અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ. અને વ્રતધારી સંતો ને બીજા યુવાનો ગૃહસ્થ થયા; એ બધા યુવાનોને બાપાએ ખૂબ પ્રેમ આપ્યો. એમના પ્રેમને લઈને બધાને એમની વાત મનાઈ, એમણે જે આજ્ઞાઓ આપી એ આજ્ઞાઓ પળાઈ, એમને ના ગમે એવું મૂકી દીધું અને એમના પ્રેમના લીધે ના આવડે એવી પ્રવૃત્તિમાં જોડ્યા તોય એ પ્રવૃત્તિ કરી. એમના પ્રેમને લઈને બધું થયું. તો અત્યારે જોઈએ છીએ કે, તે બધા યુવાનો દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાની આખી શિકલ બદલાઈ ગઈ. આપણા અનુપમ મિશનનું પણ એમાંથી જ સર્જન થયું. યોગીબાપાનો સાચો વારસો આ યુવાનો છે. એટલે યુવાનો માટે આ શિબિર કરી. બીજી વસ્તુ, બાપા કહેતા કે, ‘યુવાનો એ કોરી સ્લેટ છે.’ લખેલું હોય એમાં તમે લખવા જાવ તો મેળ ના પડે. કારણ કે, બધું ભેળસેળ થઈ જાય અને કોરું હોય એમાં જે લખો એ ચોખ્ખું લખાય અને વંચાય.

આપણે એક દાખલો ઘણી વખત સાંભળ્યો છે અને જાણીએ છીએ. એક સંગીતકાર પાસે એક યુવાન ભણવા ગયો. જઈને કહે, ‘મારે સંગીત ભણવું છે.’ સંગીતકારે પૂછ્યું કે, ‘સંગીત ભણવા આવ્યો છે પણ તને કશું આવડે છે ?’ ત્યારે કહે, ‘થોડું થોડું હાર્મોનિયમ આવડે છે, થોડાં થોડાં તબલાં આવડે છે, થોડું થોડું ગિટાર-સિતાર વગાડી જાણું છું. હવે મારે આગળ વધારે શીખવું છે.’ ત્યારે સંગીતકાર કહે, ‘તારી ૨૦૦૦ રૂપિયા ફી.’ એ બેઠો હતો ને બીજો



**ભગવાનને રાજી કરવાનો ટૂંકો રસ્તો - બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી તે છે.**

યુવાન સંગીત શીખવા આવ્યો. એને પણ સંગીતકારે પૂછ્યું કે, 'તને કશું આવડે છે ?' ત્યારે કહે, 'ના. કોરોકટ છું. સંગીતની એબીસીડી કાંઈ આવડતું નથી. પણ મને અંદરથી થાય છે કે, જો શીખીશ તો આવડશે.' એટલે સંગીતકાર કહે, 'તારી ૫૦૦ રૂપિયા ફી.' એટલે પહેલા આવેલા યુવાને પૂછ્યું, 'મને થોડું થોડું આવડે છે એની ૨૦૦૦ રૂપિયા ફી અને આને કશું નથી આવડતું એની ૫૦૦ રૂપિયા ફી? આ કયા પ્રકારનો હિસાબ છે ?' ત્યારે સંગીતકાર કહે, 'અમારો હિસાબ તો બરોબર છે. જુઓ, તમને જે થોડું થોડું આવડે છે, એને ભૂંસતાં મને સમય લાગશે અને પછી તમને શિખવાડીશ. એટલે મારો વધારે સમય તો જૂનું ભૂંસવામાં જશે. એ ભૂંસવાના વધારે રૂપિયા લઉં છું.' એમ, આપણે ધોળા વાળવાળાં ઘણું બધું સમજીને આવ્યાં હોઈએ. ઘણા માણસો જ્યાં જન્મ્યા હોય, જે ઘરમાં રહ્યા હોય, જે પદ્ધતિમાં જીવ્યા હોય, જે બધું જોયું, કર્યું, સાંભળ્યું હોય; પછી સત્પુરુષ જ્યારે કંઈક વાત કરે ત્યારે મન અંદર ધુબાકા માર્યા કરે, વાત માનવા જ ના દે. ચવ્વડ થઈ ગયેલી પ્રકૃતિ, સ્વભાવ અને એવા સંસ્કારોને ભૂંસીને કરવાનું એટલે મોટી ઉંમરનાને અઘરું પડે. જ્યારે યુવાન હોય એને નવું શીખવાની તાલાવેલી હોય, સાચું અને નવું હોય એ સ્વીકારવાની એના હૈયામાં ધગશ હોય. કંઈક નવું કરવાની અંદરથી ભાવના હોય; એ સદા યુવાન કહેવાય ! એવા યુવાનોને પ્રભુને રાજી કરવાનું સહેલું પડે. આપણે એક ભગવાનને રાજી કરવા માટે ભગવાનના માર્ગે ચાલ્યાં છીએ.

તો બોલો : '**મારા જીવનનું ધ્યેય મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ છે. એ માટે જે કરવું પડે તે કરીશું અને જે મૂકવું પડે તે મૂકી દઈશું એ મારી સાધના છે.**' આ આપણી સાધના છે. ભગવાનને રાજી કરવા નીકળ્યા છીએ. 'કરેંગે યા મરેંગે પણ પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરેંગે' એવું હોય એ યુવાન કહેવાય. ભગવાનને રાજી કરવાના ધ્યેયવાળા એવા યુવાનો આપણે ભેગા થયા છીએ. ભગવાનને રાજી કરવાનું ધ્યેય હોય, પણ ત્યાં પહોંચવું કેવી રીતે ? ધ્યેય ઉપર પહોંચવા રસ્તો જોઈએને ? એ રસ્તો ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ને ગુરુદેવ યોગીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા આપણા માટે કંડાર્યો. એ માર્ગે ચાલીને આપણે ધ્યેય ઉપર પહોંચવું છે. ધ્યેય નક્કી કર્યું હોય કે, સ્ટેચ્યૂ ઑફ યુનિટી જવું છે, તો અમદાવાદથી નીકળ્યા પછી તમારે રસ્તો જોવો પડે ને કે કયા રસ્તે જવાનું ? તમે જો સાઉથ તરફ આવવાને બદલે જો નોર્થ તરફ જાવ તો પોરબંદર પહોંચી જાવ. તમે જો ઊંધી દિશામાં ચાલો તો કેમનું પહોંચાય ? ધ્યેય માટે નીકળેલા માણસને જો ધ્યેય ખબર ના હોય તો પહોંચી શકે નહીં.

ભણતા વિદ્યાર્થીને ડૉક્ટર, ઍન્જિનિયર, ફાર્માસિસ્ટ થવું હોય તો મહેનત કરીને લાઈબ્રેરીમાં જઈને તે વિષયોનાં પુસ્તકો વાંચવાં પડે. મુનશીની કે ઝવેરચંદ મેઘાણીની નવલકથાઓ વાંચે તો દેખાય એવું કે, દસ-દસ કલાક વાંચે છે. એ પુસ્તકો સારાં છે, પણ એને જે ધ્યેય ઉપર પહોંચવું છે એ માટે એ પુસ્તકો કામનાં નથી. એમ, આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું ધ્યેય લઈને નીકળ્યા છીએ. એના માટે પોતાની જાતે વ્રત કરે, એકટાણાં કરે, ધારણાં-પારણાં કરે, મંદિરોમાં જાય; આ બધું દેખાય છે સારું અને આ બધું કરવાથી પુણ્ય મળે, યાદ રાખો ! એ નકામું નથી જતું, જગતના લોકો આંટાફેરા ને આશીર્વાદ કરે છે એના કરતાં તો એ સારું છે, પણ તમે જે ધ્યેય પર જવાનું નક્કી કર્યું છે, એ ધ્યેય પર પહોંચવાનો એ માર્ગ બહુ લાંબો માર્ગ છે. ભગવાનને રાજી કરવાનો ટૂંકો રસ્તો - બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી તે છે. અને તે દ્વારા છતીદેહે અક્ષરધામનાં

સુખ, શાંતિ ને આનંદ પામવાં. એ ધ્યેય પર પહોંચવાનો સાચો, સરળ ને આનંદદાયક માર્ગ કયો ?


ભગવાનને રાજી કરવાનું, ભગવાનના થઈને જીવન જીવવાનું ધ્યેય નક્કી કર્યું હોવા છતાં આપણે ખેતી કરવી છે, ઉદ્યોગ ચલાવવા છે, ઘરસંસાર છે, છોકરાં પરણાવવાં છે, મોટા મોટા બંગલા છે, સારી સારી ગાડીઓ છે, સરસ સરસ આભૂષણો, સરસ સરસ કપડાં ને બધું પહેરવું છે ને છતાં આ ધ્યેય પર પહોંચવું છે. બાકી, ઘણા તો કહે કે, એ ધ્યેય ઉપર પહોંચવા આ બધું ના જોઈએ, સોનું ને સ્ત્રી તો ત્યજ્ય છે; તો આ બધું છોડી દો. આવું બધું સાંભળીએ એટલે આપણને થાય કે, આપણાંથી આ નહીં થાય. આ બધું રાખીને ધ્યેય પર આનંદપૂર્વક પહોંચવું હોય તો એ માર્ગ કયો ? શાસ્ત્રીજી મહારાજની અને ગુરુદેવ યોગીજી મહારાજની અદ્‌ભુતતા કે, એમણે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાનો માર્ગ કંડાર્યો ! તેઓ તરફની ભક્તિ અદા કરવા આપણે સૌએ આપણા બ્રહ્મજ્યોતિ મંદિરમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સોનાની મૂર્તિઓ પધરાવી છે.

માહાત્મ્ય – નિશ્ચય – આશરો અને સેવા; જીવનમાં સત્સંગના આ ચાર પાયા કે, જેની પર ઈમારત ઊભી થાય. આપણને શિબિરનો આ વિષય આપ્યો છે. પહેલો નિશ્ચય. મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. દરેકના હૃદયમાં પોતાના ઈષ્ટદેવ સર્વોપરી સ્થાને હોવા જોઈએ. આપણને આપણાં મા-બાપ માટે બહુ પ્રેમ હોય તો ઘરમાં કેટલી મોટી મૂર્તિ રાખીએ ! આપણને જેના માટે પ્રેમ હોય એની મોટી મૂર્તિ રાખીએ. આપણા ઘરમાં ભગવાનની મૂર્તિ મૂકીએ, સત્પુરુષની મૂર્તિ મૂકીએ, એ કંઈ શોભા નથી; પણ અમારા જીવનમાં એમનું કેટલું બધું માહાત્મ્ય છે એનું દર્શન છે ! ઘરે કોઈ આવે એને પણ થાય કે, એના ઈષ્ટદેવનું એના હૃદયમાં કેવું સ્થાન છે ! આપણા ઈષ્ટદેવનું આપણા હૃદયમાં સર્વોપરી સ્થાન છે, એ સ્થાન બીજું કોઈ લઈ શકે નહીં કે લઈ શકવાને સમર્થ પણ થાય નહીં. બાકી, ઐશ્વર્ય-પ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિ ને ચમત્કાર બતાવનારા ઘણા મળશે, પણ એમાં હલવાવાનું નહીં.

ધંધો, વ્યાપાર, ઘર, સંસાર, ગાડી બધું રાખીને કરવાનું છે, કશું છોડવાની વાત નથી અને છતાં ધ્યેય ઉપર પહોંચવું છે. એ ધ્યેય ઉપર પહોંચવા માટેનો શ્રેષ્ઠ માર્ગ – ભગવાનને કર્તા-હર્તા માનવા એ છે. અને ભગવાન એવા સત્પુરુષ દ્વારા પ્રગટ છે – એ નિશ્ચયમાં જરાય ડગમગાટ ના થાય. એક વખત ભગવાનની, સત્પુરુષની અનુભૂતિ થઈ ગઈ હોય કે, મારા ગુરુમાં ભગવાન પ્રગટ છે, પછી વારંવાર અનુભવ નહીં કરવાના. ભગવાન ને સત્પુરુષને વિશે સાચો ભાવ હશે, નિશ્ચય હશે, 'મારે ભગવાનને રાજી કરવા છે, છે ને છે જ' એવો ભાવ હશે તો ભગવાન કહે, 'એની પ્રાર્થના હું સાંભળું છું ને પ્રાર્થનાનો જવાબ આપું છું. અને હું જ્યાં પ્રગટ હોઈશ એવા સત્પુરુષને વિશે એને જોડીશ, એને અનુભૂતિ કરાવીશ.' એક વખત અનુભૂતિ થાય પછી બે હાથ જોડીને એમની આજ્ઞા પાળો.

ગઢડા પ્રથમનું પહેલું 'વચનામૃત' તમે વાંચજો. ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિ જેને અખંડ રહે એના હાથમાં ચિંતામણિ આવ્યો. જે ચિંતવો તે મળે, જે વિચારો એ થાય, જે જોઈએ એ મળે. એમ, બાપાની મૂર્તિની સ્મૃતિ કરીને સંકલ્પ કરો તો પૂરા થાય, થાય ને થાય જ. પણ સાથે આપણે એવો વિચાર કરવો કે, આપણે માનવ છીએ, ગુણાતીતભાવને પામેલા નથી એટલે એ પ્રાર્થના કરી કે, 'અહંકારમાંથી સંકલ્પો થાય ત્યારે તમે એ તો પૂરા ના જ કરશો. તમે રાજી ના થાવ એવા કોઈ સંકલ્પ તમારે પૂરા કરવા નહિ.' આપણા જીવનમાં જે કંઈ થયું છે, થઈ રહ્યું છે અને થશે એ મારો પ્રભુ કરી-કરાવી રહ્યો છે ને મારા સારા માટે જ છે એવો સ્વીકાર કરી, એમાં આનંદ કરીએ. યોગીજી મહારાજ

**પ્રભુનું માહાત્મ્ય હોય ને**
**સાચા ભાવે પ્રાર્થના કરીએ તો**
**પ્રભુ સાકાર કરે, કરે ને કરે જ !**





આપણે બધાં
પ્રભુનાં થઈને જીવન જીવવા,
પ્રભુને રાજી કરવાના ધ્યેય ઉપર પહોંચવા માટે
સેવા કરીએ છીએ.

જેવા દિવ્ય પુરુષ ! શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રગટીકરણ એમના થકી હતું. તેમનામાં અમે જોડાયા તો અમે ગમે એવા હતા તોય અમને સારા માર્ગે ચાલતા એમણે કર્યા. દાદુકાકા, પપ્પા, બા, યોગીબાપાનાં પ્રેમ અને માર્ગદર્શને બહુ કામ કર્યાં. આપણને પણ એવો જ યોગ પ્રાપ્ત થયો છે. અમારા વખતે કાકા-પપ્પા-બા ને બધાં હતાં, અત્યારે અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા સંતો છે.

એક નિશ્ચય ભગવાનનો, માહાત્મ્ય પ્રભુનું ! માહાત્મ્ય હોય તો દોષ નહીં દેખાય, યાદ રાખો ! નહીં તો નાની નાની બાબતોમાં દોષ દેખાશે. આપણે અહીં શિબિરમાં ૭૫૦થી ૮૦૦ ભેગાં થયાં છીએ. આ બધાંમાં કાલે મને બતાવજો કે, એકસરખા ચહેરાવાળા કોઈ બે માણસો છે ? ના. એક સ્વભાવવાળા કોઈ બે છે ? ના. દરેકના સ્વભાવ જુદા, મોંઢાં જુદાં, લાઈકિંગ જુદું - બધું જુદું જુદું. હવે એવાને ઍડજસ્ટ થઈને જીવવાનું, સંપ-સુહૃદભાવ-એકતા રાખવાનાં. આ આપણી એક સાધના છે ! એટલે એકબીજાંનાં સ્વભાવ ને પ્રકૃતિ ગમાડો, તે ક્યારે ગમે ? જો માહાત્મ્ય હોય તો ગમે. ભગવાનના માહાત્મ્યરૂપી જો બૉન્ડિંગ હોય તો છૂટાં નહીં પડાય. મારા પ્રભુ સર્વોપરી છે, એમના સંબંધવાળા નિર્દોષ ને દિવ્ય છે. એ માહાત્મ્ય હશે તો મને જે દોષ દેખાય છે, એ મારા દોષનું રિફ્લૅક્શન છે-એવી અંતર્દૃષ્ટિ કરીને જો પ્રાર્થના કરીશું તો અંદરથી પ્યૉર થતા જઈશું. ભગવાન મળ્યા, સાધુ મળ્યા, અદ્ભુત સત્સંગ મળ્યો પછી પણ આપણે બદલાતાં કેમ નથી ? કારણ કે, આપણે બદલાવું નથી. આપણી ચવ્વડ જેવી પ્રકૃતિ પ્રમાણે જ રહેવું છે ને એ પ્રમાણે જ જોવું છે, એ પ્રકારે જ બોલવું છે, એ પ્રકારે જ આપણે ઈન્ટરપ્રિટેશન કરવાં છે; તો કર્યા કરો. તમે નવા નવા પ્રોબ્લેમ ઊભા કર્યા કરો તો બીજાં બધાં આગળ જશે. ક્લાસમાં એક છોકરો નપાસ થાય તો બીજા ૪૯ છોકરાઓ એની કંઈ રાહ જુએ ? તેઓ તો આગળ જવાના. એમ, જ્યાં સુધી ગુણાતીતભાવને નહીં પામીએ, તો શ્રી સ્વામિનારાયણ ભગવાને તો સંકલ્પ કર્યો છે કે, 'અમે આ બ્રહ્માંડમાં આવ્યા છીએ તે હવે જઈશું નહીં, એવા ગુણાતીત સાધુ થકી પ્રગટ રહીશું.' તે ક્યાં સુધી ? 'તો માનવમાત્ર ગુણાતીતભાવને પામશે ત્યાં સુધી.' લ્યો, આમાં આપણે સૌ ફાવી ગયાં કે, આપણે પણ ગુણાતીતભાવને પામી શકીશું. આપણને સર્વને ગુણાતીતભાવને પમાડવા છે. જિનિયસ છોકરો હોય તે આડી-અવળી માથાકૂટો કર્યા વગર પુસ્તક ને પોતાના પ્રૉફેસર ને પોતાની કૉલેજ ને પોતાની રૂમ; એમ બસ મંડી પડે તો થોડાક સમયમાં ડૉક્ટર કે જે ધાર્યું હોય તે થઈ જાય. એમ, મારા પ્રભુ, મારા સત્પુરુષની આજ્ઞાનો મુદ્દો બનાવીને કામ કરો, વ્યાપાર-નોકરી-ધંધો બધું કરો પણ નિશ્ચય ભગવાનનો. કંઈ પણ થાય તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ... થવું જોઈએ. આપણને કંઈક પણ થાય તો તરત બૂમ પાડીએ, 'ઓ બાપરે !' એના બદલે શું થવું જોઈએ ? 'હે મહારાજ ! હે સ્વામિનારાયણ ભગવાન !' એ નિશ્ચય કહેવાય. ઊંઘમાં પણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ થાય !

કુંડળના દરબાર અમરા પટગરને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલવાની ટેવ હતી. એક દિવસ મહારાજ સારંગપુરમાં બિરાજમાન હતા ત્યારે રાત્રે બે વાગ્યે સેવકને જગાડીને ઘોડી પર બેસી કુંડળ પધાર્યા. દરબારની ડેલી ખખડાવી. અમલા પટગરે ડેલી ખોલી તો સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં. કહે, 'મહારાજ ! અત્યારે ક્યાંથી ?' મહારાજ કહે, 'કેમ તું 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કહીને બોલાવતો હતો ને !' તો કહે કે, 'મહારાજ, મને તો તેવી ટેવ પડી ગઈ છે.' તો મહારાજ કહે, 'જે અમને સંભારે તેમને ત્યાં દોડી જવાની અમને ટેવ છે.'-આ નિશ્ચય, આ નિષ્ઠા ! કાંઈ પણ થાય તો 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ

સ્વામિનારાયણ' થવું જોઈએ. મહારાજની જબરજસ્ત નિષ્ઠા-નિશ્ચય આવાં હોવાં જોઈએ. આ પાયાની વસ્તુ છે.

આશરો – અમને સુખ દેનાર પણ ભગવાન છે ને દુ:ખમાંથી ઉગારનાર પણ તે જ છે. ધંધામાં નફો આપનાર પણ તું છે અને ધંધામાં ખોટ આવશે તો એમાંથી બહાર કાઢનાર પણ તું છે. પરીક્ષામાં પાસ કરનાર પણ તું છે અને નાપાસ કરે તો પણ મારું સારું કરનાર પણ તું છે; આ દૃઢ આશરાનું લક્ષણ છે. આશરો તારો છે, એ સિવાય કોઈ અમારા જીવનમાં કશું કરનાર નથી, એવો ભગવાનનો દૃઢ આશરો, નિશ્ચય અને ભગવાનનું માહાત્મ્ય. સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ, સર્વના નિયંતા, મારી-તમારી સર્વની બુદ્ધિના પ્રેરક-પ્રવર્તક એવા મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન ! એ આવા સાધુ થકી, મારા ગુરુ થકી, આ સંતો થકી મને મળ્યા છે; એ માહાત્મ્ય ! તો પછી એમનામાં કરનાર ભગવાન છે, આવું માનીને જીવીશું તો બેડો પાર થઈ જશે, યાદ રાખો ! દોષમાત્ર ટળી જશે. દોષ જોવાનું ટળી જશે. પણ આ જે મનાતું નથી એ માહાત્મ્યની કસર છે. દોષ જોઈએ છીએ એ અહંકારનું લક્ષણ છે. દોષ દેખાય છે એ દેહભાવનું દર્શન છે. બીજાની ક્રિયાની ટીકાટિપ્પણ કરીએ છીએ એ પોતાનો અહંકાર છે, એ મારો દોષ હે પ્રભુ, ટાળી દો ! અંતર્દૃષ્ટિ કરીને એવી પ્રાર્થના કરીએ. 'માહાત્મ્યની આવી કસર ટાળવા માટે તો જન્મોજન્મ ભગવાન આપણને એમની સાથે લાવે છે,' એવું બાપા બોલ્યા હતા.

જેનું અપરંપાર માહાત્મ્ય હોય એના દોષ ના દેખાય. દેખાય પણ એની ઉપેક્ષા થાય, મન પર ના લે. તમે ગાડીઓમાં બ્રહ્મજ્યોતિ આવ્યાં. હવે તમે આંખ બંધ કરીને કહો કે, તમને રસ્તામાં કેટલી ગાડીઓ મળી ? રોડ ઉપર બીજી ગાડીઓ હતીને ? સાઈકલ, સ્કૂટર, ભેંસો, બળદિયા, ગાડાં, નાની-મોટી ગાડીઓ, ટ્રકો, બસો; એમાંથી કેટલું તમને યાદ છે કહો ? ગાડીમાં તમે કંઈ આંખ બંધ કરીને બેઠાં હતાં? બધું જોતાં હતાં કે, આ ટ્રક ગઈ, આ નાની ગાડી ગઈ, સ્કૂટર ગયું. આપણે જોયું પણ એની ઉપેક્ષા કરી, આપણે એને નોંધતાં નથી.

એ માટે એક દૃષ્ટાંત છે. પહેલાંના વખતમાં નર્મદા કિનારે બધા આશ્રમો જ હતા. એવો એક આશ્રમ હતો ને ત્યાંથી બે સંતો સામે કિનારે ગામ હતું ત્યાં ભિક્ષા માંગવા ગયેલા. એક મોટી ઉંમરના સાધુ અને એક યુવાન- ૨૦-૨૨ વર્ષનો સાધુ હતો. કથાવાર્તા કરવામાં મોડું થઈ ગયું, અંધારું થઈ ગયું. સંતો નદી કિનારે આવ્યા. પહેલાંના વખતમાં રાત્રે નદીમાં હોડીઓ ચલાવતા નહીં, એટલે લોકો તરીને બીજા કિનારે જાય. એક યુવાન દીકરીને પણ હોડી જતી રહી એટલે નદી ક્રોસ કરવાનું રહી ગયું હતું અને તેને તરતાં આવડતું નહોતું તેથી તે ઊભી ઊભી રડતી હતી. એટલે પેલા યુવાન સાધુએ એ દીકરીને ખભે બેસાડી દીધી અને નદી ક્રોસ કરાવીને સામે કિનારે ઉતારી દીધી. પછી એ સાધુઓ ચાલતા ચાલતા આશ્રમમાં ગયા. ગુરુ પાસે જઈને બેઠા ને બધી વાતો કરી. પેલા મોટી ઉંમરના સાધુના મગજમાં ગડભાંજ ચાલ્યા કરી કે, આપણે સાધુ થયા અને આણે છોકરીને ઊંચકીને ખભે બેસાડી નદી પાર કરાવી એ સાધુતા ના કહેવાય. એમનાથી રહેવાયું નહીં એટલે ગુરુ પાસે બોલી દીધું કે, 'આણે આજે બહુ ખોટું કામ કર્યું. એક યુવાન છોકરીને ખભે બેસાડીને નદી પાર કરાવી.' બધું સાંભળીને ગુરુ કહે, 'જુઓ, આ સાધુએ તો એ છોકરીને કિનારે ઉતારી દીધી ને એ તો ભૂલી ગયો છે, પણ ત્યાંથી ઊંચકીને આશ્રમ સુધી તમે લઈ આવ્યા. એણે તો સેવા કરી, પણ તમે એનું મનન-ચિંતવન કરો છો.' આણે આમ કરવું જોઈએ-ના કરવું જોઈએ, આમાં જ બધાં કુટાઈ જાય છે. આવું નહીં કરવું. પ્રાર્થના કરો કે, 'કોઈ ભૂલ કરું તો હે પ્રભુ ! તમે સુધારજો, સદ્‌બુદ્ધિ આપજો, ફરી આવું ના થાય એવી અમારી રક્ષા કરજો.' આપણે યોગીજી

નિર્દોષભાવે કરેલી સેવા
પ્રભુની પ્રસન્નતા અપાવે.
દોષમાત્ર ટળી જાય,
સુખિયા સુખિયા થઈ જઈએ.





માહાત્મ્ય હોય તો
સેવા કરવાનો આનંદ આવે,
થાક ના લાગે, કંટાળો ના આવે.
આ માહાત્મ્યનું દર્શન છે !

મહારાજનો આ વારસો રાખવાનો છે. કોઈના દોષ જોવાના નહીં, એવું લાગે તો પ્રાર્થના કરો કે, 'એનામાં સુધારો કરો અથવા તો મારામાં સુધારો કરો, હે પ્રભુ ! તો મારામાં દિવ્ય દૃષ્ટિ આવે.' આ પ્રભુનું માહાત્મ્ય છે. પ્રભુનું માહાત્મ્ય હોય ને સાચા ભાવે પ્રાર્થના કરીએ તો પ્રભુ સાકાર કરે, કરે ને કરે જ, યાદ રાખો !

ઘરમાં પ્રશ્ન હોય, વ્યવહારના-ઉદ્યોગના પ્રશ્નો હોય, સત્સંગના પ્રશ્નો હોય, અંદરોઅંદર પ્રશ્ન હોય ત્યારે આપણે ધૂન નથી કરતા. પ્રભુનું માહાત્મ્ય છે, પણ આપણે એને ઍપ્લાય નથી કરતા. થાળીમાં જમવાનું પીરસ્યું હોય અને ભૂખ પણ લાગી હોય, પણ ખાઈએ નહીં તો ભૂખ જાય ? ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'પાણી પીધા વગર તરસ ના છીપે, ખાધા વગર ભૂખ ના જાય, એમ ભજન કર્યા વગર કંઈ ના થાય.' એટલે ભજનની ટેવ પાડીએ. માહાત્મ્ય છે, એ માહાત્મ્યને વર્તનમાં ઍપ્લાય કરવું છે, તમારા સંબંધવાળાં સર્વ નિર્દોષ ને દિવ્ય છે એ માનવું જ છે પ્રભુ ! નિર્દોષબુદ્ધિએ જ સર્વોપરી સેવા છે. યોગીજી મહારાજ કહેતા કે, 'નિર્દોષબુદ્ધિએ યુક્ત કરેલી સેવા એ સર્વોપરી સેવા છે.' આપણે બધાં પ્રભુનાં થઈને જીવન જીવવા, પ્રભુને રાજી કરવાના ધ્યેય ઉપર પહોંચવા માટે સેવા કરીએ છીએ. સામી વ્યક્તિ શું કરે છે ? કેમ કરે છે ? શું બોલે છે ? શું ખાય છે ? એ જોવાનો આપણને અધિકાર નથી. આપણને અધિકાર છે એમની સેવા કરવાનો. નિર્દોષભાવે કરેલી સેવા પ્રભુની પ્રસન્નતા અપાવે. દોષમાત્ર ટળી જાય, સુખિયા સુખિયા થઈ જઈએ.

માહાત્મ્ય - એવું માહાત્મ્ય વધારવા માટે અઠવાડિક સત્સંગસભા, એવું માહાત્મ્ય હૈયામાં વધે એટલે રોજ 'વચનામૃત', 'સ્વામીની વાતો'નું વાંચન, સત્પુરુષનો સમાગમ અને મન-કર્મ-વચને સેવા; આ આપણે કરવાનું. મને કરીને નિર્દોષ માનો, વચને કરીને ગુણગાન ને મહિમા ગાવ. કર્મે કરીને દેહને સેવામાં વાપરો. જુઓ, સાંસ્કૃતિક કાર્યક્રમ કેટલો સરસ કર્યો ! ભગવાનને રાજી કરવાના ભાવથી સૌનાં મુખારવિંદ ઉપર ઉત્સાહ, ઉમંગ, આવકારના કેવા ભાવ હતા ! એ તેમની અંદરના માહાત્મ્યનું દર્શન છે. આ બધી જે અદ્‌ભુત વ્યવસ્થા થાય છે, એ દેખાડવા માટે નહીં, પણ માહાત્મ્ય છે. આવા સંતો-ભક્તોની સેવા અમને મળી ! ભગવાને કૃપા કરીને અમને આ સેવામાં જોડ્યાં ! એવા માહાત્મ્યથી જે સેવા કરો છો, એ ભગવાનની પ્રસન્નતા અપાવશે. તો ભગવાનને રાજી કરવાનું જે ધ્યેય, ત્યાં પહોંચવાનું સરળ થઈ ગયું કે ના થઈ ગયું ?

અહીં ૭૫૦-૮૦૦ જેટલા ભક્તો ભેગા થયા છીએ. ચાર ઉતારા છે, ચારે ચાર રસોડાં જુદાં છે. ચારેય જગ્યાએ સ્વયંસેવકો છે, વ્યવસ્થામાં કોઈ પ્રકારની ખામી નથી. આ યુવાનો બધી જે સેવા કરે છે, એ માહાત્મ્ય છે અને માહાત્મ્ય હોય તો સેવા કરવાનો આનંદ આવે, થાક ના લાગે, કંટાળો ના આવે. આ માહાત્મ્યનું દર્શન છે ! શિબિરમાં સૌને બહુ મજા આવી, એ માહાત્મ્યનું દર્શન છે. માહાત્મ્ય વધી રહ્યું છે એટલે સંપ, સુહૃદભાવ, એકતા વધી રહ્યાં છે. માહાત્મ્ય વધી રહ્યું છે એટલે નિર્દોષભાવ વધી રહ્યો છે. અને એને લીધે સૌને એકબીજાંને મળતાં હૈયાંમાં આનંદ થાય છે, એકબીજાંને બધાં એમ ને એમ ભેટી પડે છે. એ શું દર્શાવે છે ? એ કંઈ ફૉર્માલિટી છે ? ના, એ હૃદયનો ઉમળકો છે, એ માહાત્મ્ય છે ! પોતાનાં સગાંવહાલાં ઘણાં વર્ષે મળે તો કેવાં ભેટીને મળીએ છીએ. હવે તો સત્સંગી મળે તો એકદમ ઉમળકાથી, માહાત્મ્યથી બધાં ભેટતાં જ હોય છે. ભેટવાથી આપણને એનર્જી મળે, એનર્જી ટ્રાન્સફર થાય, યાદ રાખો ! સેવામાં થાક નહીં, ઊંઘ નહીં, કંટાળો નહીં, આળસ નહીં; એ માહાત્મ્યનું દર્શન છે ! દોડીદોડીને સેવા થાય, દોડીદોડીને આવકાર આપે, દોડીદોડીને જમાડે, દોડીદોડીને કામ કરે તો માનજો કે, એને માહાત્મ્ય છે. અને સત્પુરુષનો યોગ છે એટલે એ માહાત્મ્ય વેવલું ના થાય. વેવલાપણું નહીં, સમજદારીથી માહાત્મ્ય,

સમજણેયુક્ત માહાત્મ્ય! કથાવાર્તાને લીધે એ આપણાં વર્તનમાં આવ્યું છે.

પ.પૂ. પપ્પાજીએ એક બ્રહ્મસૂત્ર આપ્યું છે કે, 'સંબંધવાળામાં મહારાજ જુઓ.' એમનામાં ભગવાનને જોઈએ તો દોષ દેખાય જ નહીં. ભગવાન ખસે તો માણસ દેખાય અને માણસ દેખાય એટલે એના બધા દોષ દેખાય. હવે આપણી મોટામાં મોટી સાધના એ છે કે, માહાત્મ્ય વધતું જાય. અત્યારે સૌને ખૂબ માહાત્મ્ય છે, પણ હજી ઘરમાં, કુટુંબમાં, વ્યવહારમાં કંઈ કંઈ થયા કરતું હોય તો બીજાનું જોયા વગર એક બાજુ બેસીને ધૂન કરવી એ સર્વોપરી સેવા છે. ભગવાનના થઈને જીવન જીવવું એના જેવી બીજી કોઈ સેવા નથી. અને એ સેવા કરી શકીએ એટલા માટે આ શિબિરો થાય છે, યાદ રાખો ! દેહને ભગવાનની સેવામાં વાપરીએ, પોતાની આવડત, હોશિયારીને અને આવડત, હોશિયારીથી પ્રાપ્ત થયેલું ધન ભગવાનના કાર્યમાં વાપરીએ તો તે ઊજળું થઈને પાછું આવશે, પણ અંદર રહેલી જે આસક્તિ, અંદર રહેલા જે ભાવો, તે ઓગળી જતાં આપણને સર્વાંગ પ્યોરિટી પ્રાપ્ત થશે અને એનો આનંદ કંઈક જુદો આવશે.

આ શિબિરમાં આપણાં સૌના વહાલા શાંતિભાઈની આપણે સ્મૃતિ કરીએ છીએ. આપણને શાંતિભાઈ એટલો બધો પ્રેમ આપીને, આપણાંમાં એટલું બધું માહાત્મ્ય પ્રસરાવીને ગયા છે કે, ખરેખર એમને યાદ કર્યા વગર રહી નથી શકતા. પણ એમની સાચી સ્મૃતિ એટલે એમણે જે આપ્યું છે એને આપણા વર્તનમાં લાવવું છે. આપણે બધાંએ ભેગાં થઈને પ્રભુનું કાર્ય, પ્રભુની રીતે, પ્રભુને રાજી કરવા કરવું છે. મને સારું લાગે છે, મને ગમે છે એટલે કરવું છે એમ નહીં, પણ ભગવાનને રાજી કરવા કરવું છે. ભગવાનને રાજી કરવા કરીએ તો નિર્દોષભાવ આપોઆપ આવતો જશે. તો, આ ત્રણ દિવસની શિબિરમાં આપણે હળીમળીને ભેગાં રહીશું અને એકબીજાંનું માહાત્મ્ય સમજીશું તો આનંદ ખૂબ આવશે. એ આનંદ લઈને આપણે જવું છે અને એ આનંદ લઈ જઈને બધે વહેંચવો છે. આપણે આવી ભક્તિ પ્રગટાવવી છે, યાદ રાખો ! સાધુ-સંતોનું માહાત્મ્ય છે, તેમ સાથે સાથે ભક્તોનો આદર કરીએ, માન આપીએ ; એમાં આપણને આનંદ થવો જોઈએ.

અક્ષરધામની ઍક્ઝામમાં પોતે જ પોતાના ઍક્ઝામિનર બનીને માર્ક્સ મૂકવાના છે. પછી ટોટલ કરજો કે, નાપાસ થયા કે પાસ થયા. આ ત્રણ દિવસમાં ચૅકિંગ કરજો. 'જમવામાં મને આમ બેસાડ્યો, આને આગળ બેસાડ્યો, આણે આમ કહ્યું-તેમ કહ્યું, અમે કંઈ કમ છીએ ? અમે પણ આખી જિંદગી કુટાયા છીએ.' તમે જુઓ તો, સમાજમાં આના જ ઝઘડા હોય છે અને એવા ઝઘડાને તિલાંજલી આપવા તો આપણે ભેગાં થયાં છીએ. અક્ષરધામમાં અખંડ આનંદ હોય, એકબીજાંનું અખંડ માહાત્મ્ય હોય; તો પોતાપણાનો ભાવ ભુલાઈ જશે, સુખિયાં સુખિયાં થઈ જઈશું. અને એ માટેનો આ ટ્રેઇનિંગ કૅમ્પ છે. એટલે, આપણે પોતે જ ઍક્ઝામિનર થઈને આ ત્રણ દિવસ ચૅકિંગ રાખજો કે, મને કઈ જગ્યાએ દુઃખ થયું, કઈ જગ્યાએ ખુશ થયો, મજા આવી ? એ ચૅક કરજો પછી માર્ક્સ મૂકજો ને પછી જોજો. કોઈને કહેવાની જરૂર નથી કે, પાસ થયાં કે નાપાસ. તમે તમારી જાતે જ સમજી લેજો. આ સભામાં તો મોટા ભાગનાં બધાં પાસ થાય એવાં છે, કોઈ નપાસ થાય એવાં નથી. પણ, આપણે તો ડિસ્ટિંક્શન લાવવામાં, આગળ રહેવામાં પહેલો નંબર લાવવાનો છે. તો, ત્રણ દિવસ આપણે ખૂબ જાગ્રતતાથી ભક્તિ કરીએ. આપણને સૌનેય પ્રભુએ ભેગાં કર્યાં છે. એમના થઈ જીવન જીવી, વિચાર-વાણી-વર્તનથી એમની સુવાસ પ્રસરાવીએ. આપણને સૌને પ્રભુ એવાં બનાવે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

સાધુ-સંતોનું માહાત્મ્ય છે, તેમ
સાથે સાથે ભક્તોનો આદર કરીએ,
માન આપીએ ; એમાં
આપણને આનંદ થવો જોઈએ.





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

શિબિર : જીવનમાં સત્સંગના ચાર પાયા : માહાત્મ્ય-નિશ્ચય-આશરો-સેવા.
એકતા નગર, રાજપીપળા, નર્મદા : ૧ ડિસેમ્બર ૨૦૨૩

**ખુરશીના** ચાર પાયા જો મજબૂત હોય અને વ્યવસ્થિત ગોઠવાયેલા હોય તો આપણું આસન પણ સ્થિર બને. એમ, જીવનના ચાર પાયાની વાત ગુરુહરિ સાહેબદાદાએ સમજાવી. આપણી પાસે જે છે એ બધું રાખીને ભગવાનના સુખે સુખિયા થવું છે. જીવન છે, હું જીવંત છું, મારાં સ્વભાવ-પ્રકૃતિ છે, મારાં સગાં-વહાલાં, સ્નેહી-સંબંધી, વહીવટ, વ્યાપાર બધું જ છે. અને એ બધું રાખીને પણ ભગવાનનું સુખ લેતા થવાનો ઉપાસનાનો અદ્‌ભુત માર્ગ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપ્યો.

સત્સંગનો મુખ્ય આધાર માહાત્મ્ય ઉપર છે. કારણ કે, આપણે ભક્તિપરંપરાના માર્ગના ઉપાસકો છીએ. એ માહાત્મ્ય વેવલાઈ ના બની જાય, એ માહાત્મ્ય સમજણેયુક્ત હોય અને સાથે સાથે મર્યાદાનાં પાલન સહિતની ભક્તિ હોય તો એ માહાત્મ્ય ખરેખરી ભક્તિમાં પરિવર્તિત થાય છે. ગુરુમાહાત્મ્યની વાત કરીએ તો, જેમના ૩૦ લાખ અનુયાયીઓ છે એવા મોટા સદ્‌ગુરુ સંત એ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ઈંગ્લૅન્ડના અનુપમ મિશન પર આવે છે એટલે સાહેબદાદાની મોટપ છે, સાહેબદાદાનો મહિમા વધી જાય છે; આ આપણું તોલમાપ છે. મોટરગાડીનો કાફલો હોય, લાખોની સંખ્યામાં અનુયાયીઓ હોય, બહુ બધાં શિખરબદ્ધ મંદિરો હોય એટલે તેઓ બહુ મોટા; એ આપણું માપ છે. કારણ કે, આપણે દુનિયાના જીવ છીએ. અને આપણે ચીજ-વસ્તુ-પદાર્થથી મોટપ માની છે, એટલે આપણે એ એમની પર આરોપીએ છીએ એટલે એ મોટા છે.

આપણે આ શિબિર ખાવા-પીવા કે સ્ટૅચ્યૂ જોવા માટેની શિબિર નથી કરતા એવી જો આપણાંમાં ગંભીરતા હોય તો આ એક આધ્યાત્મિક બાબત પણ સમજવા જેવી છે. ૧૭ વર્ષના એક વિદ્યાર્થીનો સંકલ્પ યોગીબાપાએ ઝીલ્યો અને પૂરો કર્યો. સાહેબદાદા આજે ૮૪ વર્ષની ઉંમરે પોતાના જીવનનો આ પ્રસંગ કહે છે. પોતાના જીવનની આ વાત આટલી સહજતાથી કહેવી એ જ ખરેખરી એમની આધ્યાત્મિક મોટપ છે! નહીં કે એમની પાસે કેટલી ધન-મિલકત, સેવકો કે કોણ એમને કેવી રીતે મળવા આવે છે તે છે. અને ત્યારે એમણે એ બૅન્ચ ઉપર બેસીને મનોમન પ્રાર્થના કરી કે, 'કોઈ દિવસ હું કોઈ પણ સંકલ્પ કરું, પણ જેનાથી મારા પ્રભુ, મારા ગુરુ રાજી ના થાય એવા સંકલ્પ તમે પૂરા નહીં કરતા.' આવું એમણે એમના ગુરુ પાસેમાંગ્યું. એની સામે આપણે ભિખારી જેવા – જે જોઈએ તે માંગ માંગ જ કરીએ છીએ. શું માંગીએ છીએ તેની અને મળશે તો શો ફાયદો થઈ જવાનો છે તેની આપણને ખબર જ નથી.

ગુરુએ એક સમયે, 'હે જશુભાઈ, તમે સંકલ્પ ના કરો તો તમારી ખોટ અને પૂરા ના કરીએ તો અમારી ખોટ' એવા આશીર્વાદ આપ્યા. હવે તો હાથમાં શસ્ત્ર આવી ગયું. મારા હાથમાં તલવાર હોય અને હું એનો ઉપયોગ ના કરું તો મૂરખ કહેવાઉં. સત્તા હોય, સામર્થી હોય, ઐશ્વર્ય હોય, પ્રતાપ હોય અને સામે પડ્યો શબ્દ ઝીલનારા સેવકો હોય અને ત્યારે આ આશીર્વાદનો ઉપયોગ ના કરીએ કે એને વાપરીએ નહીં; એ કેટલી ઊંચી-આધ્યાત્મિક બાબત છે ! એ તો જે

અધ્યાત્મચિંતન માટે ગંભીર હોય એ જ સમજી શકે એવી બાબત છે. ગુરુ પણ સમજે કે, આવા આશીર્વાદ કોને અપાય ને કોને ના અપાય. આપણને ઘણી વખત એમ થઈ જાય કે, જો મને કહે, મને સોંપે તો બધાને સરખા કરી દઉં, સીધા કરી દઉં. આ જે મને સંકલ્પ ઊઠ્યો છે એ મારો અહંકાર છે. આટલી સૂક્ષ્મ બાબત સુધીનું જે ગુરુ આપણને માર્ગદર્શન આપે છે, એમની આધ્યાત્મિક ઊંચાઈનું કંઈ માપ કાઢી શકાય તેમ નથી.

માહાત્મ્ય. ચાર પાયામાંનો એક બહુ અગત્યને મહત્ત્વનો પાયો છે – માહાત્મ્ય. અને કોનું માહાત્મ્ય છે ? કેવું માહાત્મ્ય છે ? અને ક્યાં સુધીનું માહાત્મ્ય સમજવાનું ? એ બધામાં બાકીના ત્રણ પાયા ઑટોમૅટિક આવી જાય છે. માહાત્મ્ય એ બહુ મોટી વસ્તુ છે. અને માહાત્મ્ય વગરનો સત્સંગ એ સત્સંગ જ નથી. માહાત્મ્ય હોય તો એ સત્સંગ છે અને માહાત્મ્ય હોય તો ગુરુની સામે બે હાથ જોડીને ઊભા રહેવાય છે અને તેઓ કહે એ પ્રમાણે એમના પ્રેમને ખાતર કરવાને પણ તૈયાર થઈએ છીએ. એટલે સમર્પણ કરાવવું પડતું નથી, સહજ અને સ્વાભાવિકપણે સમર્પણ થાય છે.

અત્યારનું જે યંગ જનરેશન છે એને સમાધાન જોઈએ છે, પણ અધ્યાત્મ બાબત એવી છે કે, એનાથી ઉપર ઊઠીએ ત્યારે જ તેની શરૂઆત થાય છે. કેટલીક બાબતોમાં માનસિક રીતે, બૌદ્ધિક રીતે એના ઉત્તરો આપણને મળે એટલે આપણને સમાધાન મળે. પણ એ બહુ ટૂંકા સમયનું–ટૅમ્પરરી સમાધાન છે. એ વ્યક્તિ, એ વસ્તુ, એ પ્રસંગ સાથે સંકળાયેલું સમાધાન છે. પણ સાહેબદાદા અંદરના આનંદની અને સહજાનંદની જે વાત કરે છે, એ માનસિક સમાધાનથી ઉપરની બાબત છે. અને તે ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે સંપૂર્ણ શરણાગતભાવ થાય. મારાં સઘળાં શસ્ત્રો શ્રી ગુરુના ચરણમાં હું મૂકી દઉં, ત્યારે જ એ વાતનો સુખદ અનુભવ આપણા જીવનમાં આપણને પ્રાપ્ત થાય છે.

ભગતજી મહારાજનો ગિરનારને બોલાવી લાવવાનો જાણીતો પ્રસંગ છે. પણ આપણા રોજબરોજના જીવનમાં ગિરનાર પર્વતને બોલાવી લાવવા જેવો, જેમાં આપણી બુદ્ધિ, આપણી અક્કલ, આપણી સમજણ, આપણી જાણકારી અને એનાથી આગળ, આપણી હોશિયારી કબૂલ ના કરે એવી બાબત જ્યારે ગુરુના શ્રીમુખેથી આવે ત્યારે ભગતજી મહારાજને સંભારીને ગિરનારને બોલાવી લાવીએ, તો ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત થઈ જાય છે.

ગુરુહરિ સાહેબદાદાની આજ્ઞાથી અનુપમ મિશને ૨૦૦૬થી આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય અને સમાજ ઉત્થાનની પ્રવૃત્તિ શરૂ કરી. સાધુ સતીશદાસજી અને સાધુ મણિદાસજી ગામડે ગામડે ફર્યા. ડુંગરના અજાણ્યા રસ્તાઓમાં પગપાળા ચાલીને ઝૂંપડે ઝૂંપડે સુધી પહોંચતા. ત્યારે બળ, શક્તિ અને પ્રેરણા આપનારું જે તત્ત્વ હતું એ માત્ર ને માત્ર ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું હતું. અને એ પ્રાપ્ત થયેલી પ્રસન્નતાનું આપણને આજે આ શિબિરના માધ્યમ દ્વારા દર્શન થાય છે.

વ્યક્તિગત રીતે હું જ્યાં છું ત્યાં ગુરુમુખી બની પ્રભુ પ્રીત્યર્થે જીવવાનો હાંહાંગડથલરૂપ પ્રયત્ન કરું તો ગુરુ બળ આપનારા બેઠા છે. અને જો માહાત્મ્ય હોય તો થાક લાગતો નથી, કંટાળો આવતો નથી. ૧૭ વર્ષથી આ બે સંતો આ વિસ્તારમાં જ્યારે રસ્તા નહોતા, જ્યારે કોઈ પણ પ્રકારની સગવડ નહોતી, અને ત્યારે જે કંઈ પણ સાધન, સંસાધન પ્રાપ્ત થયું, જેનો સાથ મળ્યો, તે ગુરુએ સોંપ્યું છે તેથી એક માત્ર સાધનાના ભાગ તરીકે બ્રહ્મવિદ્યા શીખવા માટેનો કર્મયોગ સતત અથાકપણે કર્યો છે, તો એના રૂડા પરિણામે આપણને આવી સારી હૉટેલમાં ઉતારા કરીને શિબિર કરવા માટેનો અદ્ભુત મોકો પ્રાપ્ત થયો છે. સંતોની તપશ્ચર્યાનું આ ફળ છે.

સરદાર સાહેબની ભૂમિમાં બેઠા છીએ ત્યારે સ્ટૅચ્યૂ ઑફ યુનિટી જોવા જઈએ, પણ જોવા જેવું તો સરદાર સાહેબનું જીવન છે. એમણે રાષ્ટ્રને માટે પરિવાર અને પોતાના વ્યક્તિગત જીવનમાં ત્યાગ, સમર્પણ, સંવાદિતા અને એકતાનાં દર્શન કરાવ્યાં છે. 'My Boss is Always Right' એવાં સૂત્રો લખીને ઘરની દીવાલો પર મૂક્યાં નથી, પણ ગાંધીબાપુની નેતાગીરી હેઠળ એમણે જીવન આચરણમાં મૂક્યું એવા અનેક પ્રસંગો સરદાર સાહેબના જીવનના છે.

અહીં આવીએ એટલે સ્ટૅચ્યૂ ઑફ યુનિટીની વિઝિટ કરીએ, પણ પ્રેરણા એ લેવાની છે કે, જીવનની આટલી ઊંચાઈ પ્રાપ્ત કરનારા પુરુષ કેવું જીવી ગયા અને આપણને શું શિખવાડી ગયા ! એ તરફ આપણી દૃષ્ટિ રહે એ એકતા નગરનું માહાત્મ્ય છે. એમ, સત્સંગનું માહાત્મ્ય રહે અને મને મળ્યા એવા પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી મહારાજ તરફ આપણી દૃષ્ટિ રહે અને તેઓની આજ્ઞા પાળવાનું સતત અનુસંધાન રહે તે પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

Swami Shreeji





Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Sant Bhagwant Sahebji's Ashirwad at Shri Yogi Yuva Grishma Shibir**
**25 May 2023, Pragnan Tirth, Mogri**

*(Continued from previous edition)*

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

I am telling you completely openly, that when I was your age – I was staying in the hostel, and there was no one to tell me to get up early and so I developed a habit of waking up late. Now, even if I repent, that time is gone. If I had developed the habit of getting up early then, I could have pleased God infinitely more than I have now, with the extra time that I would have had! That is what I feel in my heart. So, do develop the habit of getting up early. It is so that you do not feel regret later, that I am warning you about this.

Will you all make one resolution? And once you have made it, will you live up to it? Then I will give you the resolution. Repeat after me: '*We will wake up at 5.30am every morning. And in order to get up early, we will keep our mobile, laptop and ipad far from our beds.*' If you keep these at a distance from you, then you will not sleep late. Otherwise, you will be chatting or playing on your phone at night. If you are alone in your room and you have your mobile with you – there is so much rubbish that is constantly being thrown at you! We do not want to watch or look at anything that God is not pleased with; we do not want to listen to or speak about anything that God is not pleased with. Repeat after me: '*We do not want to watch or look at anything that God is not pleased with, nor listen to or speak about anything that does not please God. And so we will put our mobile only to good use and will not use our mobile at bedtime.*' Follow this strictly! It not only disturbs your sleep, but it is also harmful to your eyes and it corrupts your mind. Do you want to corrupt your mind? If this period in time passes and you spoil it for yourself, then you spoil your whole life ahead of you.

There is a saying in Gujarati, 'The day is spoiled for one whose *daal* is spoilt.' If the *daal* is not right, then one's day is not right, as one feels they did not enjoy eating. 'The year is spoiled for one whose pickles are spoilt'[1]. And 'Life is spoiled for one whose youth is spoilt.' So we want to improve, don't we? If you decide, my sons and daughters, you can make this a wonderful time! The reason is, we have the greatest force with us, gifted to us by Maharaj and that is the 'Swaminarayan' mahamantra, unshakable faith in God, *atma-buddhi* and *preeti*[2] for these Santo and the force of their *aagna*[3]. They will also pray for us and so we will have extra force. And if you pray and chant, then there is no person, thing or force in the world that can sway you from the resolution that you have made here today. So, we must chant and pray for half an hour daily.

After you wake up at 5.30am, you must take a shower, then do your *puja* and then bow to your mother and father.

---

**[1] In Gujarati households, pickles are made at a certain time of year and then used for the whole year and hence the saying.**

**[2] *Atma-buddhi* and *preeti* means to love the Satpurush as one's own soul, and thereby refers to a bond of inseparable loving association.**

**[3] Any instruction given by God or Guru, which is always for our spiritual benefit.**

If you are able to do your half an hour of dhun in the morning in your *puja*, then that would be best, otherwise you may do your dhun by making time for it, at any other time of day. If half an hour feels like too much, then you absolutely must do fifteen minutes, and not engage in any negative company. If this period of your youth is safeguarded, then you have your whole life ahead of you to enjoy.

Yogi Bapa grabbed hold of us when we were 16 or 17 years old. The kind of shibir that you have right now, we did not have in our time. We would travel with Bapa and do his *seva.* Bapa would call us to him during our vacation. You are so fortunate that if you want to go anywhere you have the facility of having cars or any other mode of transport is readily available. In 1964 – 1965, Ashvinbhai and other youths had gone to Todla, Gopalanand Swami's birthplace – and that too, in the heat of the summer. Yogi Bapa was travelling from Todla to Shyamlaji. Everyone got into their own vehicles and left, but Bapa's youths had no vehicle. Todla is a village in the interior, so one would have to walk far out to get to a main road, in order to get any bus. Bapa was leaving at 2.00pm after lunch. So, twelve to fifteen youths left by foot with their leader, Ashvinbhai. With Bapa, travel would happen so fast; many youths would lose their slippers and so many would not even have any footwear on. This was the case on that day, and because of the heat of the summer, the dirt roads were so hot, that their feet were burning. Ashvinbhai quickly gathered some large leaves from a tree and tied them to their feet with a piece of string – and made makeshift shoes. All of them walked to Shyamlaji with leaves for shoes in the burning heat – just imagine this! This is how we travelled with Bapa and did seva, and as a result the period of our youth was safeguarded. When you look at Ashvinbhai now, what amazing work of satsang he is doing here and all over the world! Such wonderful sabhas take place! And everyone enjoys this so much! He has resolved so many people's questions and problems and filled their lives with joy! But this happened because he safeguarded his youth, had the *samagam* of Bapa with *nirdosh-bhav*[4], carried out seva and followed Bapa's *aagna*. Even in such difficult circumstances, he stayed with Bapa. If it was us in his place, we would say – is this what you call satsang? No facilities, no vehicles, no shoes – and having to walk this much? If he had not done this, then his period of youth would not have been safeguarded. He safeguarded that time, carried out devotion and therefore he earned the *prasannata*[5] of Bhagwan Swaminarayan and Yogiji Maharaj and hence earned the title, '*Sadhuram'.*

When you look back at the lives of each sadhu in their youth, they participated in shibirs, carried out seva, pleased their Guru and upon attaining God's *prasannata*, their lives blossomed and they attained such exceptional *sadhuta*[6]! That is what you call having done true *samagam*. They recognized time and made the best use of it by using it to please God, that is true *samagam*! This is the kind of *samagam* we want to live in. We want to carry out the weekly satsang sabha. If there is no satsang sabha where you live, then start one. It does not matter if there is only one person or two or three or four, but however many of you there are, start the sabha. Yogi Bapa would be so pleased upon those who would carry out the sabha.

Today when you look at the BAPS organization, there are hundreds of thousands of devotees. Even in the sabha, there are thousands of devotees that gather. But what I am talking to you about is sixty to sixty-five years ago, when we were youths. Two brothers came for Yogi Bapa's *darshan* at Surat railway station. They said to Bapa, 'Bapa, can we stop the sabha?' Bapa said, 'Why?' They replied, 'No-one is coming to the sabha. We started off with four people, but

---

**[4] *Nirdosh-bhav* refers to the inner feeling and conviction that God and all of God's devotees are faultless.**

**[5] When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata*.**

**[6] *Sadhuta* refers to the qualities of a true sadhu such as humility, complete selflessness and surrender, with the recognition of God as the Supreme All-Doer. Because of his *sadhuta*, the true sadhu will never act for his own benefit. He is natural, simple and joyfully immersed in God.**

two of them have stopped coming, so now there are only two of us. We tell people to come but no-one does and so we thought it does not make sense just two of us sitting in sabha, so how about stopping it. So we have come to take your *aagna* – may we now stop the sabha?' Bapa replied, 'Guru, the sabha must not be stopped, it must be kept going. Even if out of the two of you, one stops coming, then you must discourse to the pillar, but you must keep the sabha going.' With Bapa's *aagna*, the two brothers kept the sabha going and today when you look at Surat, thousands of devotees gather and a massive *shikharbaddh* mandir has arisen. Similarly, we might feel there is no one coming to sabha, but even then we must go home and start doing sabha. At least our time, in the seva of God, will be safeguarded! And great attainment will result from following that *aagna* of Yogi Bapa's.

One must get up early in the morning, do one's *puja*, do half an hour – or fifteen-minute dhun, and attend weekly sabha. There is only one thing you need to take care in, and that is, never to fall into gossiping, criticizing, maligning or speaking ill of anyone; make it a habit never to go down that route. It is 'perfect practice that makes a man perfect.' So what do we need to do? 'Think positive, the rest will follow.' Keep this saying in your life. Many people don't walk straight, so one might say to them, 'walk properly!' However, the way a person walks is a habit developed from when they were young, so that is how they have practiced walking, only, that practice was not perfect. One should keep their back straight and walk erect. If one were admitted to N.C.C. (National Cadet Corps), then one would start walking erect within ten days. Therefore, even one's practice has to be perfect. Everyday one must think positively and not allow oneself to speak a single negative word; never speak of anyone's faults and never speak ill of anyone. If you practice this from now, then you will become such from within, that if anyone else is speaking ill, you will not like it. We have to make this a habit, then it can be said that you have made true use of time. Always, speak the truth, do good and always think good of others.

In our period of youth, we have great energy and enthusiasm. Our Vitthalbhai (V.S.) would previously keep a switch-blade knife and engage in fights. But during his youth, he met Yogi Bapa, and so his period of youth was safeguarded. And what grace Bapa showered upon Vitthalbhai! If he had been fighting and stabbed someone inadvertently, he would have ended up in jail. He used to smoke, but Bapa said to him, 'smoke cannot be churned out of the mouth with which we utter God's name.' And just like that, the vice of smoking left him. Who is it that has given us youth our energy? Have you gone out and bought it somewhere? Have you ever paid for it? It is Bhagwan Swaminarayan that has given us our energy and our strength. To make the best use of that strength and energy is also our devotion. Vitthalbhai understood that and then channelled his energies to studying, to pleasing Bapa, for the yuvak mandal, for Bapa's seva – and so he gained a PhD and became the Vice-Chancellor for Sardar Patel University for six years! Just think about it! What a huge position he gained! With Yogi Bapa's grace, our Manojbhai developed love for Shantibhai. When he was a youth, he came into association with the Satpurush, and to attain Bhagwan Swaminarayan and Yogi Bapa's *prasannata*, he stayed in Shantibhai's *aagna*, and therefore his period of youth was safeguarded. He then went on to attain an M.A. and a PhD and today he is the Chairman of the UPSC. He is in such a high-ranking position in Delhi.

You youths are also in that very state of youth. *Samagam* means association with the Satpurush. Association with the Satpurush means to listen to what he has to say and learn from him, and he is telling you that this is your period of youth, make sure it does not spoil; make sure it does not get wasted. Use it to study, to do satsang, to please your parents, your Guru and your Lord – then that is the best use of time! And that itself is true *samagam*! To carry out *samagam* in this way, and remain in God's pleasure, attain God's *prasannata* and be victorious over our period of youth, is our prayer at our Lord and Guru's lotus feet! ◆

# Samp, Suhradbhav, Ekta : Sahebdada ni Prasannata !
# Sahebdada ni Prasannata: Samp, Suhradbhav, Ekta !

~ Rutvik Rana, USA

***Seva*** means selfless service, i.e., you do something for someone without any expectations.

International Youth Retreat (IYR) 2023–2024 took place in India with attendees from India, USA, UK, Australia, Canada, Kenya and other countries. 200+ attendees of varied ages participated alongside Sants, including Sant Bhagwant Sahebdada and Sadguru Sant P.P. Ashvindada. Organizing an event of this magnitude takes meticulous planning, outstanding organization, exceptional execution, and sevabhavi sevaks. The essence of this article is an effort to provide a window into some of the amazing sevas completed by the unsung heroes of IYR.

It all began with the initial idea or *aagna* given by Sahebdada to three youth leaders: P. Maharshi, P. Mihir and P. Trushil from USA after LAMPM. They took upon the *aagna* and spearheaded the effort, collaborating with both youth leaders and sants in India. Planning the retreat entailed numerous *sevas*: the creation of a robust yet adaptable schedule, meals to be served, accommodations, transportation, activities, souvenirs, logo design, and even more *sevas* that were unplanned. Meanwhile, Sadhu P. Pankajdasji started creating a schedule for IYR, and, at the same time, P. Divyangbhai and P. Anupambhai-started planning logistical details for IYR under the guidance of Sadhu P. Pareshdasji. This team would later grow and add other members: P. Parasbhai, P. Dhananjaybhai, Sadhu P. Anildasji, Sadhu P. Yagneshdasji and other members of Gurusabha youth.

Once the schedule was finalized and hotels were nominated, the logistics planning team thought: *The schedule has been made, but is it really feasible?* At the same time, Sahebdada suggested, “Please make sure the hotels you have selected are appropriate for the youth's accommodation, go and check them personally.” The logistics team made the entire journey to make sure it was feasible, and they personally checked all hotels for the *Saurashtra yatra*. Similarly, when it came to deciding on the hotel in Delhi, Sadhu P. Arpitdasji, P. Brijbhai, P. Anupambhai and P. Divyangbhai went all the way to Delhi to select the hotel in person. The logistics team also needed to assign yatris into rooms, P. Vivek, P. Moulik, P. Yashvi and P. Bansari ensured it was done appropriately and then reviewed by Sadhu P. Arpitdasji. According to the guidance of Pujya Sahebdada P. Anupambhai and Sadhu P. Peterdasji reached out to BAPS and informed their management team about our yatra. The management team instructed every *mandir* which we were to visit and asked respective administrative person to receive our group and arrange a special tour of each *mandir*. In addition to the logistics team, how can you forget about the video and photography team? This team captured the entire *yatra* so everyone can reminisce the memories for years to come. P. Jayesh, P. Smit, P. Chinmay, P. Aarsh, P. Kabir, P. Ved, P. Janvi, and P. Priyenka worked tirelessly. Finally, the first Aid team that kept everyone safe throughout entire yatra included Sadhu P. Pankajdasji, P. Maharshi, P. Bhumika and P. Bansari.

Starting from the arrival of all the *yatris*, which included pickups from the airport, Sadhu P. Anildasji, Sadhu P. Shreyasdasji, P. Anupambhai, P. Gaurangbhai, P. Divyangbhai and P. Rohanbhai arranged for everyone's safe transport. Upon arriving, everyone was provided with a snack bag to enjoy during their stay at Brahmajyoti. Along with a snack bag, a wonderful souvenir notebook, pen, t-shirt, and ID badge were also prepared under the guidance of P. Dhananjaybhai and Gurusabha youth. Similarly, for the second part of the yatra, a souvenir bag consisting of scriptures, a coffee tumbler, and another pen was presented. In addition to-these arrival sevas, P. Bhakti and P. Satvi prepared a detailed packing list for the yatra

During IYR's interstate travel, the *yatris* were divided into multiple flights due to capacity and booking. The first flight was going to depart as early as 5 am, so it wasn't possible for them to be able to have a snack that early. Under the guidance of P. Divyangbhai, Amdavad Mandal gathered and prepared food packets in a nice bag to give to

all the yatris. They passed food packets starting 2:00 am until the last *yatris* departed at 6:00 am. On the return journey, a similar issue arose; in addition to staggered flight arrival times, it was also *Ekadashi*. Amdavad Mandal rose to the occasion by not only providing food packets, but they were also *Ekadashi*-approved. At Lucknow airport, all the yatris were served fresh subway sandwiches under the guidance of P. Anupambhai, P. Gaurangbhai, P. Rohanbhai even with flight delays. Once everyone started on their journey to *Ayodhya,* about halfway at a rest area, Gurusabha youth hand packed food packets and delivered them under the guidance of Sadhu P. Pareshdasji and P. Dhananjaybhai. One might wonder how they managed to make these food packets – well, that's because Gurusabha youth travelled by train for 2 days (38 hours) with barely any room to sit! They were sleeping in between pillars of boxes filled with ice cream, *shrikhand* and other food items for the comfort of all *yatris*.

In phase 1 of the yatra, local mandals also took upon the opportunity to do seva. In *Laxmiwadi Jasdan* and *Bhingrad* Mandal prepared delicious food, arranged for sabha, did everyone's pujan and presented souvenirs. The schedule was very delayed, but they still did seva with a smile. Similarly, in *Rajkot,* the *Morbi* and *Rajkot* Mandal arranged for an amazing sabha and presented all yatris with a tea mug. The next day when all the *yatris* arrived at *Fareni* in the scorching heat, *Manavadar* Mandal was present there with delicious coconut water. They did the same seva in *Loej*. In addition to this, they prepared mouthwatering food items, such as pizza, noodles, soup, quesadillas, homemade ice cream and many more items so *yatris* feel at home. I don't know about others, but I definitely looked forward to dinners at *Manavadar* mandir. According to the schedule, we were planning to go to *Manavadar* mandir for morning breakfast but then it was changed, and breakfast was to be arranged at *Sorath* resort. The entire *Manavadar Mandal* arranged everything without complaining and got a hot breakfast ready for everyone. They had to transport all the food materials and cook as well. On the first night at the resort, a lot of yatris informed the sevaks that they don't have a towel, and the *mandal* arranged for the towelsl by 5 am. On the way to *Somnath mandir,* P. Ajitbhai Mori and P. Jayshreeben asked Ashvindada for seva, and he requested to serve ice cream to everyone, so they took this opportunity. When everyone arrived, both uncle and aunty personally served ice cream to everyone.

Sahebdada's love attracts everyone towards him. Our *Sadhak bhaiyos* have already dedicated their lives to him, but during IYR we got to see their true dedication for him. Sadhu P. Pankajdasji is the heart of Samanvay office, and his attention to detail truly made this yatra possible. Sadhu P. Pareshdasji, Sadhu P. Yagneshdasji and Sadhu P. Shreyasdasji took on the responsibility for food while everyone was at Brahmajyoti e.g., food packets, snacks, water, etc. for the entire *Saurashtra yatra*. Their primary responsibility is gurusabha youth; yet they took on this massive seva without a question. Sadhu P. Anildasji arranged vehicular transportation for the entire yatra. Before the yatra, they went to the bus owner and asked for a tour of the buses and then ensured that those buses were sent. Sadhu P. Arpitdasji, while being engrossed in Sahebdada's seva, personally arranged everyone's accommodation and transport distribution to ensure everyone has fun while travelling. Sadguru Sant–P.P. Manojdasji arranged detailed plans for yatris while they were in Delhi, and he stayed with everyone the entire day. He planned the food menu and came to receive and drop off Sahebdada at the airport. Finally, our young sadhus P. Harmitdasji, P. Sarjudasji, and P. Hardikdasji took extreme care of everyone in *Bhaktiprasad* regardless of their age. They made sure everyone's stay was comfortable and provided everything that was needed.

These are just some of the glimpses of all the inspiring seva done by everyone. Most of the time, the planners get the limelight, but these are the true unsung heroes. Remember all the seva done for the *yatris* was not to please us or that we deserve it. The *Mandals* performing seva didn't even know any of the *yatris*; the only thing that connected us was our *sambandh* with Sahebdada. They saw Sahebdada in everyone. Sahebdada has love for them, so we should as well. Isn't this in a sense why Sahebdada arranges such events, so we can build that *sambandh* with everyone, forge respect, and foster friendship and lifelong relationships!

*Samp, suhradbhav, ekta: Sahebdada ni prasannata.*

# GOD'S DIVINE MANIFESTATION : OUR OWN SAHEBDADA !

~ Saheli Sheth (Peoria, USA)

***Tick,*** *tock, tick…* I rolled over in bed and glanced over at the time. 1:17 am, and sleep and I were playing a game of tag where it was far ahead of me. I wondered what to think about to feel a sense of ease and comfort.

A painting gradually emerged in my mind: Ghanshyam Maharaj, our beloved Lord Swaminarayan in His child form, gleefully running in His birthplace of Chhapaiya, India. I imagined Him playfully dancing near the Narayan Sarovar, the water pool where He bathed. I could hear His laughter, His lightheartedness, in the carefree days of His childhood. I could smell the delicacies He ate in His hometown, adorned by various trees and greenery. A soft smile spread across my face as this vivid movie played in my mind, and before I knew it, I peacefully drifted off to sleep…

When visiting Chhapaiya during the 2023-2024 International Youth Retreat, we learned the remarkable value of recalling Ghanshyam Maharaj's divine *leela*. Visiting such sacred sites helps to fill our minds with the positive images of His life, cleansing us of any lingering negativity. Sadguru Sant Param Pujya Ashvindada emphasized the significance of reading about these divine experiences from the *Ghanshyam Charitra.*

When asked about feeling vibrations, Ashvindada shared the simple definition of vibrations: the joy we feel by being in a place. Spending time in holy places binds us to lasting memories and positive thoughts, leaving less room for unwelcome ones. The magnificent Anoopam Mission *"shikhar baddh"* temple we see in Mogri today was born from a thought, a *sankalp*, inspired by devotees during their visit to Chhapaiya several years ago. Such is the incredible power of Chhapaiya's divine ambiance.

For years, Swaminarayan devotees have eagerly visited Lord Swaminarayan's birthplace. As with any building, over time the older residence halls showed their age. Yet still, with Chhapaiya described as "Akshardham for Swaminarayan devotees," devotees fell in love with the tranquility no matter what.

In 2023, Chhapaiya unveiled its newly designed residence hall – a grand hall with a modern look and luxurious amenities. Our youth group had the privilege of being one of the first to reside in this building. Although devotees would visit regardless of the condition, what a blessing it is to think: *God is doing so much for us, just so we can have the benefit of His birthplace's darshan!*

Walking through the campus of Chhapaiya, one could easily sense devotees' deep love for their God. This love, however, is a two-way street. Through how God preserves these sacred sites for devotees' comfort, I also witnessed the deep care God has for His beloved devotees.

In addition to Chhapaiya, Sant Bhagwant Sahebdada shares a special connection with Dhari, his guru Yogiji Mararaj's birthplace. While each *sthan* holds its own significance, Sahebdada especially reveres Chhapaiya and Dhari. His attention is focused on God and his guru.

In Dhari, our understanding of Sahebdada's glory blossomed when we saw his legacy: a women's Arts and Commerce College created in honor of his guru, providing the village girls with access to higher education opportunities that had never existed before.

When we arrived at Dhari, the girls expressed their heartfelt devotion through dance, showcasing their unmistakable love for Sahebdada. But once again, I realized that Sahebdada had loved them first. He had etched their names into his heart long before building a school just for them. Visiting Chhapaiya and Dhari revealed this truth: while our love for God may be like a water droplet – pristine and meaningful – God's love for us is the vast ocean.

May we all strive to honor the sacred sites of our guru and our God, the way Sahebdada has exemplified for us. Let us remember Ashvindada's profound remark: Chhapaiya is Lord Swaminarayan's **birthplace**; but His true **home** is the sant through whom He resides. May we dedicate our lives to glorifying Lord Swaminarayan's home – our very own Sahebdada. ◆

# નિર્દોષબુદ્ધિ : આંતરરાષ્ટ્રિય યુવા રિટ્રીટમાંથી મળેલો બોધ

**સૌરાષ્ટ્ર યાત્રા : સારંગપુર, ગઢડા, રાજકોટ, ગોંડલ, ફરેણી, જૂનાગઢ, માણાવદર, લોજ, સોમનાથ, ધારી, વડતાલ.**

**ઉત્તર પ્રદેશ યાત્રા : અયોધ્યા, છપૈયા, દિલ્હી.**

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**"તમને** હમણાં કદાચ ખ્યાલ નહિ આવે, પરંતુ તમે તીર્થયાત્રા કરીને ઘરે પાછાં જશો ત્યારે તમને દરેકને અનુભવ થશે કે, તમે પહેલાં હતાં તેના કરતાં તમારામાંઆંતરિક કેવું પરિવર્તન થયું છે." જ્યારે હું છપૈયા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યના પવિત્ર સ્થાને કોઈક રીતે આરામ અને સંકોચ બંનેને બાજુ પર રાખીને મંદિરના સભાખંડમાં બેઠી હતી ત્યારે એક વકતાના મુખે આ સાંભળ્યું. મેં ઝડપથી તેઓના આ શબ્દો નોંધી લીધા અને મારામાં આવું પરિવર્તન થવાની રાહ જોવા માંડી.

રિટ્રીટના કેટલાક દિવસો પછી એક વખત જ્યારે એક સ્નેહીજને મારી સાથે બિનજરૂરી તોછડાઈથી વાત કરી ત્યારે મને ખૂબ ગુસ્સો આવ્યો અને તરત જ મારા મનમાં વિચાર આવ્યો કે, તેઓ કેવા આકરા સ્વભાવના છે. પણ બીજી જ ક્ષણે મારા મનમાં ડહાપણભર્યો ને પ્રેરણાદાયક એક હળવો અવાજ આવ્યો કે, 'તને નિર્દોષબુદ્ધિની વાત યાદ છે ને ?' ભગવાને એમને એવું બોલવા પ્રેર્યા છે. પછી તો ગુસ્સો જે ઝડપથી આવ્યો હતો તેટલી જ ઝડપથી ઓગળી ગયો અને અંતર શાંત થઈ ગયું. સામી પ્રતિક્રિયા આપીને બળતામાં ઘી હોમવાને બદલે હું ત્યાંથી શાંતિથી ચાલી નીકળી.

૨૦૨૩-૨૦૨૪ની આંતર રાષ્ટ્રિય રિટ્રીટ દરમિયાન સંતભગવંત સાહેબજીએ અમને યુવાનોને બીજા અનેક બોધની સાથે નિર્દોષબુદ્ધિના આ પાઠ પણ પાકા કરાવ્યા. રિટ્રીટ દરમિયાન છપૈયામાં એક રસપ્રદ સભામાં જ્યારે હું બેઠી હતી ત્યારે વડીલ ભક્તોએ સમજાવ્યું : નિર્દોષ = દોષ રહિત. નિર્દોષબુદ્ધિ એટલે સામે આવનાર વ્યક્તિની હરેક ક્રિયાને દોષ રહિત જોવાની દૃષ્ટિ. આવું કેવી રીતે ? કારણ કે, પ્રભુ એમને પ્રેરણા આપી રહ્યા હોય છે, પ્રભુ જ એમના દ્વારા બોલી અને વર્તી રહ્યા હોય છે. જે-તે વ્યક્તિ તો દોષ રહિત - નિર્દોષ હોય છે.

આ સિદ્ધાંત આપણને કોઈની સાથે થતા ઘર્ષણ વખતે આંતરિક શાંતિ જાળવી રાખવા દે છે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે, નિર્દોષબુદ્ધિનો અર્થ એ નથી કે, દુર્વ્યવહાર કે ઉદ્દંડતા જેવી પરિસ્થિતિઓનો સ્વીકાર કરી લેવો. આવી પરિસ્થિતિ ક્યારેય યોગ્ય હોતી નથી તેથી તેવી પરિસ્થિતિઓમાં સલામતીને ખાતર જો જરૂરી લાગે તો કોઈએ યોગ્ય પગલાં લેવાં જોઈએ કે જાણ કરવી જોઈએ. નિર્દોષબુદ્ધિ એ સ્વસ્થ રહેવા માટેનો ઉપાય છે, મૌન રહેવા માટેની જબરદસ્તી નથી.

પાછાં છપૈયાની સભાની વાત કરીએ તો, મારી નોટબુકમાં લખેલા શબ્દોને મેં સ્પોન્જની જેમ મારી અંદર આત્મસાત્ કરી લીધા. દૂર મંદિરનો ધીમો ઘંટારવ સંભળાતો હતો ત્યારે એક ભક્તે નિર્દોષબુદ્ધિ કાયમ રાખવા માટેની એક ખૂબ સચોટ રીત બતાવી : *"મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય."* થોડા સમય બાદ સદ્ગુરુ સંત પૂજ્ય મનોજદાસજીએ વડતાલમાં જણાવ્યું કે, નીચેની ભજનની કડી તેઓના મનમાં નિર્દોષબુદ્ધિને હંમેશાં જીવંત રાખે છે : "સહુના જો પ્રેરક છે, શ્રીજી નિયંત્રક, તો કઠપૂતળીઓના આ ખેલ છે."

આ યાત્રા દરમિયાન સાહેબજીએ અનેક રીતે નિર્દોષબુદ્ધિના જ્ઞાનની પ્રેરણા આપી. રિટ્રીટના પહેલા જ દિવસે સૌ શિબિરાર્થીઓને સાહેબજીના સ્વહસ્તાક્ષરમાં *"નિર્દોષબુદ્ધિથી કરેલી સેવા એ સર્વોપરી સેવા."* લખેલી પેન વહેંચવામાં આવી હતી. દિલ્હીમાં અમારી સમાપન સભામાં પણ 'નિર્દોષબુદ્ધિ' વિષય પર વાત ચાલુ રહી. દિલ્હીમાં એક કૉન્ફરન્સ હૉલમાં સાહેબજીએ વાત કરી કે, 'કોઈ આપણને કહે કે, તમે સરસ લાગો છો, તો કહેવાય કે, 'પ્રભુએ મને આવો બનાવ્યો છે.' અને કોઈ આપણને કહે કે, તમે વિચિત્ર દેખાઓ છો, તો પણ કહેવાય કે, 'પ્રભુએ મને આવો બનાવ્યો છે.' જ્યારે આપણે પ્રભુને જ સર્વ કર્તા-હર્તા માનવાની અઘરી લાગતી ટેવ પાડીએ અને હંમેશાં નિર્દોષબુદ્ધિ રાખીએ, ત્યારે આવા સંવાદોમાં પણ આપણી શાંતિ જળવાઈ રહે છે.

રિટ્રીટ દરમિયાન અમારા યુવાનેતાઓ કે જેઓ ખૂબ ઊંચા દિવ્ય આત્માઓ છે, તેઓએ આ બોધને ન માત્ર પોતાની અંદર ઉતાર્યો, પણ તેઓએ તેને આચરણમાં પણ મૂક્યો અને અમને સૌને એકબીજાંના ગુણ જોવાની અને પરસ્પર ભગવાનને જોવાની સમજ આપી. બસની અમારી લાંબી મુસાફરી-વારાફરતી અલગ અલગ હરિભક્તને પસંદ કરી, એમનામાં રહેલા સકારાત્મક ગુણોનાં ગાન કરવામાં પસાર થઈ, જેનાથી અમારી આંખો હર્ષાશ્રુથી અને હૈયાં ઉમંગથી છલકાઈ ગયાં. આંતરરાજ્યોની વિમાનની મુસાફરી દરમિયાન અમે અમારી નોંધડાયરી કે જેના છેલ્લા પાને દરેકે આધ્યાત્મિક ઉત્થાન માટેની પ્રેરણાદાયક નોંધો લખી હતી, તે એકબીજાં સાથે શેર કરી. ઘરે આવ્યા પછી પણ, મને જ્યારે પણ મન થાય ત્યારે આ પ્રેરણાદાયક નોંધો ફરી વાંચી લઉં છું અને તેથી મને સાહેબજીના ભવ્ય વારસાનું અનુસંધાન રહે છે : *આ એક એવી યુવાપેઢી છે કે જે એકબીજાં માટે ગુણગ્રાહક દૃષ્ટિ રાખે છે.*

ઘરે પાછા ફર્યા પછી મેં અનુભવ્યું કે, મારા મનમાં એક હળવો અવાજ આવી રહ્યો છે : *"હું ઠીક સમજું છું કે, પ્રભુ એમના દ્વારા કાર્ય કરી રહ્યા છે."*


એક ઊભરતી શાંતિ.

અને હા, પરિવર્તનની પ્રક્રિયાનો પ્રારંભ ! ◆

*(સહેલી શેઠના બ્ર.નિ.-ફેબ્રુઆરી, ૨૪ અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે આત્મીય વિદ્યાધામ, બાકરોલ ખાતે આત્મીય સ્વજન અ.નિ. પૂ. નગીનદાસ શેઠની પ્રાર્થનાસભામાં પધારી શ્રદ્ધાંજલિ અર્પણ કરી સૌ પરિવારજનો તથા સભામાં પધારેલ સૌને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે પધારેલ પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતો સાથે મુલાકાત-ગોષ્ઠિ કરી.

**૨ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં યોજેલ NGO વર્કશોપમાં પધારી દીપપ્રાગટ્ય કરી શુભ શરૂઆત કરાવી આશીર્વાદ આપ્યા. રાત્રે 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કીર્તનસંધ્યામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૩ ફેબ્રુઆરી, શનિવાર...** સાંજે 'અક્ષરમહોલ'માં બ્ર.સ્વ. કાકાજી મહારાજના સાક્ષાત્કારદિન નિમિત્તે યોજેલ સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૪ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં સદ્‌ગુરુ સાધુ અ.નિ. પ.પૂ. બૅરિસ્ટરદાદાની ત્રયોદશીની મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઉપાસના ધામ-વેમાર મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપી મનીષદાદા-જીતીક્ષાબહેનની દીકરી ચિ. તપસ્વી-ચિ. હેતકુમારનાં લગ્નમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા.

**૫ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે બ્રહ્મજ્યોતિમાં દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે સાંકરદા-શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. પ.પૂ. બાપુ સ્વામીના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી તેમજ સ્થાનિક સંતો-ભક્તોને સત્સંગલાભ આપ્યો.

**૬ ફેબ્રુઆરી, મંગળવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૭ ફેબ્રુઆરી, બુધવાર...** સાંજે અનુપમ મિશન સંચાલિત પતંજલિ વૅલનેસ નૅચર ક્યૉર સૅન્ટર, બાકરોલથી મોટી સંખ્યામાં દર્શનાર્થે પધારેલ પેશન્ટ્સને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. બ્ર.સ્વ. પ.પૂ. કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો અને ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૮ ફેબ્રુઆરી, ગુરુવાર...** ગુણાતીત જ્યોતનાં અ.નિ. સદ્‌ગુરુ સાધુ પ.પૂ. દેવીબહેનના પાર્થિવદેહનો રથ બ્રહ્મજ્યોતિના મુખ્ય દ્વાર પાસે આવ્યો ત્યારે સૌ સંતો-ભક્તો સાથે મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી, દર્શન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ પપ્પાજી ફાર્મમાં યોજેલ અંત્યેષ્ટિ વિધિમાં સંતો સાથે પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૯ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે નડિયાદ સ્થિત DDIT યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી હર્ષદભાઈ દેસાઈને 'અક્ષરમહોલ'માં સત્કારી ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. બપોરે વલ્લભવિદ્યાનગરમાં ભરતભાઈ પટેલના ઘરે પધરામણી કરી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં મોગરીનિવાસી મહેશભાઈ-નિકીતાબહેનના દીકરા ચિ. નીલકંઠ-ચિ. માનસીનાં લગ્નની મહાપૂજામાં પધારી નવદંપતીને તથા પધારેલાં સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે અમદાવાદમાં દિવ્યેશભાઈ-ડૉ. અમીબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી પંકજભાઈ પટેલના પાર્ટી પ્લૉટમાં યોજેલ કીર્તન આરાધના તેમજ માટલા ઊંધિયા ઉત્સવમાં પધારી ડૉ. તેજસભાઈ પટેલ, ડૉ. ભરતભાઈ દવે, ડૉ. પાર્થિવભાઈ મહેતા અને અનેક માનવંતા ડૉક્ટરોને તથા તેઓનાં સૌ પરિવારજનોને મળી આશીર્વાદ પાઠવ્યા. વિશેષમાં, તાજેતરમાં પદ્મશ્રી પુરસ્કાર પ્રાપ્ત કરનાર ડૉ. તેજસભાઈ પટેલનું સન્માન કરી આશીર્વાદ વરસાવ્યા.

**૧૧ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે દર્શનાર્થે પધારેલ રિટાયર્ડ લૅફ્ટનન્ટ જનરલ (આર્મી) શ્રી અરવિંદ મહાજનને ‘અક્ષરમહોલ’માં સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે આણંદ ડૉ. યોગેશભાઈ વ્યાસ-રક્ષાબહેનના ઘરે પધારી, આશીર્વાદ આપી, સ્મૃતિભેટ અર્પણ કરી.

**૧૨ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે બ્રહ્મજ્યોતિ દર્શનાર્થે પધારેલ સૌ ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. સાંજે અમદાવાદમાં પ્રદીપભાઈ પોપટ-મિનિતાબહેનના દીકરા ચિ. ધ્રુવ-ચિ.ખુશાલીનાં લગ્નમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. પંકજભાઈની રેસ્ટોરન્ટમાં પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. બોપલમાં ધનજીમામાના ઘરે પધરામણી કરી યુનિટી પરિવારને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૩ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે ઈંગ્લૅન્ડથી પધારેલ સુધીરભાઈ-ભારતીબહેનનું સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૧૪ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે વસંત પંચમી-‘શિક્ષાપત્રી’ તથા શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યદિને રાજભોગ આરતીનાં દર્શનનો લાભ લીધો અને ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. ઍપોલો હૉસ્પિટલ-અમદાવાદના ડાયરેક્ટર ડૉ. અભિજિતભાઈ શેઠનું સ્વાગત-અભિવાદન કર્યું. સાંજે અબુધાબીમાં BAPSના નૂતન હિન્દુ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની સભાનું જીવંત પ્રસારણ ‘પારમિતા’ સભાખંડમાં નિહાળ્યું. શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યદિનની યોજેલ સભામાં આશીર્વાદ પાઠવ્યા. યુ.કે. પરત પધારતા સાધુ કિરણદાસજી અને સાધુ પંકજદાસજીને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે ખાંધલી ગામે રાષ્ટ્રિય અંધજન મંડળ-આણંદ સંચાલિત પૂ. શિવાબાપા તથા હીરાબા પ્રજ્ઞાચક્ષુ સેવાસંકુલનાં ભૂમિપૂજન કાર્યક્રમમાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે શ્રી ગુણાતીત જ્યોતમાં સદ્‌ગુરુ અ.નિ. પ.પૂ. દેવીબહેનની ત્રયોદશીની મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. નરોડા-અમદાવાદથી દર્શનાર્થે પધારેલ મહેશભાઈ-ભાવનાબહેન અને નરોડા મંડળના મુક્તોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. સાંજે નડિયાદ- શારદા મંદિર શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે યોજાયેલ બાળ કીર્તનસંધ્યા અને વાર્ષિક ઈનામ વિતરણ સમારંભમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે બ્રહ્મજ્યોતિ પર કૅનેડાથી પધારેલ દીકરી નિધિને આશીર્વાદ પાઠવ્યા.

**૧૭ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે રાજભોગ આરતીનો લાભ લીધો અને દર્શનાર્થે પધારેલા સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે કૅનેડાથી પધારેલ જશભાઈ-કેતાબહેન આદિ પરિવારનાં મુક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૮ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે કરમસદમાં ભાઈકાકા યુનિવર્સિટી હૉલમાં ‘ચરોતરના પાટીદારોની ગૌરવગાથા’ પુસ્તકના અનાવરણ પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા. ‘અક્ષરમહોલ’માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ ફેબ્રુઆરી, સોમવાર...** સાંજે કરમસદમાં કલ્પેશભાઈ ત્રિવેદીના દીકરા ચિ. નિસર્ગ-ચિ.માનસીનાં લગ્ન-રિસેપ્શનમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. ‘અક્ષરમહોલ’માં રાત્રિસભામાં પધાર્યા અને યુ.કે. પરત જતાં ભાવિશાબહેનને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૦ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે રાજભોગ આરતી બાદ દર્શનાર્થે પધારેલા સૌ ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે યોગી વિદ્યાપીઠમાં યોજેલ વ્રતધારી સંતોની મીટિંગમાં પધારી માર્ગદર્શન-આશીર્વાદ આપ્યાં. ‘અક્ષરમહોલ’માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ ફેબ્રુઆરી, બુધવાર...** સાંજે ‘તીરથ’માં સંતોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ‘અક્ષરમહોલ’માં સભામાં ગુરુહરિ પ.પૂ. મહંત સ્વામીજી મહારાજના નિરામય સ્વાસ્થ્ય માટે સંતો-ભક્તોએ ધૂન-પ્રાર્થના કરી.

**૨૨ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે કરમસદ-‘શ્રી કૃષ્ણ હૉસ્પિટલ’માં સ્વાસ્થ્યલાભ માટે સારવાર લઈ રહેલા સૂર્યકાંતભાઈને મળવા માટે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે ‘અક્ષરમહોલ’માં ધૂન કરવા માટે પધાર્યા. રાત્રે ગુરુસભામાં યોજેલ રમતોત્સવ પ્રસંગે પધારી સૌ યુવકોને આશીર્વાદ પાઠવ્યા. મિલનકુમાર-અમિતાબહેન અમેરિકા પધારતાં હોવાથી કરમસદ તેઓના ઘરે પધરામણી કરી શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૨૩ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે 'અક્ષરમહોલ'માં સૌનાં સુખદ જીવન માટે ધૂન-પ્રાર્થના કરી સંધ્યાઆરતીનો લાભ લીધો. સાંજે બ્ર.સ્વ. યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ ફેબ્રુઆરી, શનિવાર...** સાંજે અમદાવાદ સુધીરભાઈ નાણાંવટીની દોહિત્રી ચિ. કાજલ-ચિ. કૃણાલનાં લગ્નમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. બોપલમાં નરશીદાસના ઘરે પધારી યુનિટી પરિવારનાં સૌને સત્સંગલાભ આપ્યો.

**૨૫ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં સદ્ગુરુ સાધુ પ.પૂ. મનોજદાસજી અને અન્ય છ વ્રતધારી સંતો- પૂ. રાજુદાસજી ડે, પૂ. અનીલદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. ચંદ્રેશદાસજીના હીરક પ્રાગટ્યોત્સવમાં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે કચ્છ યુનિવર્સિટીના નવા નિમાયેલ ઉપકુલપતિ શ્રી ડૉ. મોહનભાઈ પટેલને 'અક્ષરમહોલ'માં સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૬ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે રાજભોગ આરતીનાં દર્શન કરી પ્રાર્થનાઓ કરી અને ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રિચમંડ-યુ.એસ.એ.થી પધારેલ ભાવેશભાઈ-કિરપાબહેન તથા પરિવારને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૭ ફેબ્રુઆરી, મંગળવાર...** સાંજે 'અક્ષરમહોલ'માં યોજાયેલ ૧૨ કલાકની માસિક ધૂનમાં ઘણો સમય બિરાજી ધૂન-પ્રાર્થના કરી. રાત્રિસભામાં વડોદરાના જાણીતા ભાગવત કથાકાર પૂ. નયનભાઈ શાસ્ત્રી તેમજ અનુપમ સ્વજન આશિષભાઈને સત્કાર્યા તેમજ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ ફેબ્રુઆરી, બુધવાર...** શિકાગોથી પધારેલ સુરેન્દ્રભાઈ-લીનાબહેન તેમજ અશોકભાઈનું નિજમંદિરમાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'અક્ષરમહોલ'માં ઘણો સમય બિરાજી ધૂન-પ્રાર્થના કરી.

**૨૯ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે નિજ મંદિરમાં રાજભોગ આરતીમાં દર્શનાર્થે પધાર્યા તેમજ ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. યુ.કે.થી પધારેલ વિશાલભાઈ ભટ્ટને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા. ◆

## પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યમંગલે ભાવાર્પણના સંકલ્પ

**સદ્ગુરુ સંતોની આજ્ઞા અનુસાર આ સાથે પ્રસ્તુત અધ્યાત્મભાવ સંકલ્પોમાંથી વ્યક્તિગત રીતે એક અથવા એકથી વધુ સંકલ્પ ધારણ કરી જીવનપર્યંત તેનાં આચરણ કરીએ. એક અથવા એકથી વધુ સંકલ્પ મંડળમાં અથવા સમગ્ર પ્રદેશના સ્તર પર સામૂહિક રીતે એકમનાં થઈ ધારણ કરી જીવનપર્યંત તેને પાળવા સંતભગવંત સાહેબજીને વચન અર્પણ કરીએ.**

૧. અમે નિયમિત અને અચૂકપણે અમારા મંડળની અઠવાડિક સત્સંગસભામાં અનિવાર્યપણે મહિમા સાથે હાજરી આપીશું અને તેમાંથી પ્રાપ્ત સત્સંગ-માર્ગદર્શનને જીવનમાં ઉતારીશું.

૨. અમે અમારા ઘરનાં સૌ પરિવારજનો સાથે શક્ય હોય ત્યાં સુધી દરરોજ નિયમિત રૂપે સાથે ઓછામાં ઓછું એક સમયનું ભોજન શ્રી ઠાકોરજીને ધરાવીને પ્રસાદરૂપે જમીશું. દરરોજ પરિવારનાં બધાં જ સભ્યો સાથે બેસી ઓછામાં ઓછી ૪૫ મિનિટ ઘરસભા કરીશું જેમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, ગુરુની આજ્ઞા અનુસાર 'વચનામૃત' જેવાં સદ્શાસ્ત્રોનાં વાંચન તથા પરિવારનાં સુખ-દુઃખના સહભાગ કરીશું.

૩. અમે દરરોજ નિયમિત અને અચૂકપણે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની સ્મૃતિ સાથે અડધો કલાક 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરીશું.

૪. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે અમે પ્રામાણિકપણે પ્રતિવર્ષે અથવા પ્રતિમાસે અમારી આવકના દશ ટકા અથવા પાંચ ટકા અમારા ગુરુદેવનાં વચન અનુસાર શ્રી ઠાકોરજી મહારાજની સેવા અર્થે, તેઓનાં દિવ્ય કાર્યનાં નિર્વહનના વાહક રૂપે મંદિરજીમાં અર્પણ કરીશું.

૫. પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી દેહભાવથી પર થવા, સર્વ આસક્તિઓથી મુક્ત થવા અમે અમારા ગુરુની આજ્ઞા અનુસાર અમારા મંડળમાં, પ્રદેશમાં તથા અન્ય ઉત્સવ પ્રસંગોમાં સૌ પ્રત્યે નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખી, સંપ, સુહૃદભાવ અને એકતા દૃઢપણે જાળવી અમારાં તન, મન અને ધનને મહત્તમ સેવા અર્થે અહોહોભાવે અર્પણ કરીશું.

૬. રાત્રે આરામમાં જતાં પહેલાં શ્રી ઠાકોરજી મહારાજને પ્રણામ કરી, પ્રાર્થના કરી આપણા ઘરમાં રહેતાં સૌ પરિવારજનોના સદ્ગુણોના વિચાર કરીશું. આ સદ્ગુણોના વિચારને આગળ વધારી આપણા મંડળના અક્ષરમુક્તોના, સૌ સંતોના અને પ્રગટ ગુરુહરિ સાહેબદાદાના મહિમાના વિચાર કરતાં કરતાં 'સ્વામિનારાયણ' મહામંત્રના મનમાં ગુંજારવ સાથે પ્રભુની સ્મૃતિમાં પોઢી જઈશું. ◆

# સત્સંગ સમાચાર

## વસંત પંચમી ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા રચિત 'શિક્ષાપત્રી', ભગવાન શ્રી સ્વામિનારાયણના નંદપંક્તિના સંતો પૂ. બ્રહ્માનંદ સ્વામી અને પૂ. નિષ્કુળાનંદ સ્વામી તથા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની પ્રાગટ્યજયંતીનો શુભ ને મંગલકારી દિવસ એટલે વસંત પંચમી. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ આ પર્વ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં ભક્તિભાવથી ઉજવાયું. સવારે નૂતન મંદિરમાં બિરાજમાન ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની સુવર્ણમંડિત મૂર્તિ સમક્ષ સૌએ ધૂન-પ્રાર્થના કરી ભક્તિ અદા કરી. સાંજે સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબીમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નિર્માણ કરાયેલ સર્વપ્રથમ હિન્દુ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ અને ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો તેના જીવંત પ્રસારણને સૌએ નિહાળ્યું. ત્યારબાદ રાત્રિસભામાં સંતોએ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં પૂજન કરી, પુષ્પહાર અર્પણ કર્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી ઉપસ્થિત સૌને શાસ્ત્રીજી મહારાજની માહાત્મ્યધારામાં ગરકાવ કર્યા. ◆

## શારદા મંદિર ૫૭મા વાર્ષિકોત્સવ ઉપક્રમે બાળ કીર્તનસંધ્યા

અનુપમ મિશન સંલગ્ન શારદા મંદિર, નડીઆદમાં શાળાના સ્થાપક અ.નિ. પૂ. દિનકરરાય પંડ્યાની પુણ્યતિથિ નિમિત્તે પ્રતિવર્ષની જેમ આ વર્ષે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ૫૭મો વાર્ષિકોત્સવ ઉજવાયો, જે ઉપક્રમે શાળાકીય વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ તથા બાળ કીર્તનસંધ્યાની અદ્‌ભુત ઉજવણી થઈ. આ પ્રસંગે નગર નડીઆદની પ્રાથમિક શાળાઓના તેજસ્વી તારલાઓને 'શ્રી દિનકરરાય પંડ્યા સ્મૃતિ પુરસ્કાર' તથા શારદા મંદિરના ધોરણ ૩થી ૧૨ના વિદ્યાર્થીઓને 'સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર'થી પુરસ્કૃત કરવામાં આવ્યા.

આ પ્રસંગે અનુપમ મિશનના અધિષ્ઠાતા અને આધ્યાત્મિક ગુરુ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા, કુલગુરુ પ.પૂ. રતિકાકા અને સંતો પધાર્યા. પ.પૂ. અશ્વિનદાદાએ પ્રાસંગિક વક્તવ્યમાં શાળાના વિકાસની પ્રસંશા કરી આશીર્વાદ પાઠવ્યા. સંતભગવંત સાહેબદાદાએ સર્વે બાળકલાકારો તથા શાળાની સંગીત ટીમ ઉપરાંત શિક્ષકો અને સંચાલકોને ખૂબ ખૂબ ધન્યવાદ આપી હાલના મૉબાઈલ અને ટી.વી.ના યુગમાં પણ શાળામાં થતી વિવિધ ઉમદા પ્રવૃત્તિઓને બિરદાવી. શાળાના સંચાલક સાધુ પૂ. સુનીલદાસજી, આચાર્યા પૂ. સરોજબહેન તથા આચાર્યશ્રી રાહગીરભાઈ પટેલનાં માર્ગદર્શનથી સંપન્ન થયેલ આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ, વાલીઓ, આમંત્રિત મહેમાનો-સૌએ ખૂબ ભક્તિભાવપૂર્વક માણ્યો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના ધોરણ ૯ અને ધોરણ ૧૧નાં તાન્સી અને શૌનક દ્વારા કરવામાં આવ્યું. ◆

## યોગી વિદ્યાપીઠનો ૩૭મો વાર્ષિક ઉત્સવ

અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠના ૩૭મા વાર્ષિકોત્સવ નિમિત્તે પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન ખાતે વિશિષ્ટ પ્રકારનું, આનંદ સાથે જ્ઞાનવર્ધન કરનારું અનેરું શૈક્ષણિક પ્રદર્શન-'જ્ઞાનવર્ધિની' ૨૩ ફેબ્રુઆરીના રોજ ખુલ્લું મુકાયું. અનુપમ મિશનના સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા, યોગી વિદ્યાપીઠના કુલગુરુ પ.પૂ. રતિકાકા, ચીફ ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એન.સી.પટેલ, મહાનુભાવો અને આચાર્યોની ઉપસ્થિતિમાં ચરોતર ઍજ્યુકેશન સોસાયટી-આણંદના માનનીય મંત્રી શ્રી કે.ડી. પટેલના હસ્તે



વસંત પંચમીના પાવન પર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન




યોગી વિદ્યાપીઠના ૩૭મા વાર્ષિકોત્સવ-'જ્ઞાનવર્ધિની' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

રિબન ખોલી, દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટન થયું. શ્રી કે. ડી. પટેલે વિદ્યાર્થીઓની પ્રતિભા નિખારવા સંસ્થા દ્વારા થયેલ આયોજનની સરાહના કરી. બે દિવસના આ પ્રદર્શનને નિહાળવા ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, નગરજનો પધાર્યા.

યોગી વિદ્યાપીઠની વિભિન્ન વિદ્યાસંસ્થાઓ દ્વારા અપાયેલ શિક્ષણ-પ્રશિક્ષણનો વિનિયોગ કરી ૬૦૦ જેટલાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ શિક્ષકોનાં માર્ગદર્શનથી ગણિતશાસ્ત્ર-ઈજનેરીવિદ્યા, વિજ્ઞાન-ટૅકનોલૉજી, ભાષાસાહિત્ય, સામાજિક વિજ્ઞાન, ચિત્ર-હસ્તકલા કૌશલ, પ્રતિભાદર્શન, ગર્ભસંસ્કાર, બાળકેળવણી સહિત ઘણા વિષયો સંલગ્ન અનેક પ્રૉજેક્ટ્સ, પોસ્ટર્સ, ચાર્ટ્સ, મૉડેલ્સ વગેરેનું સર્જન કરી પ્રદર્શિત કર્યાં, જેની સૌ કોઈએ મુક્ત કંઠે પ્રશંસા કરી. 'અંધશ્રદ્ધા અને વિજ્ઞાન', 'માતૃભાષામાં શિક્ષણનું મહત્ત્વ' જેવા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા થયેલ પ્રસ્તુતિએ સૌનું દિલ જીતી લીધું. રાષ્ટ્રિય ઍવૉર્ડવિજેતા ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર તથા અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટના સિવિલ વિભાગના વિદ્યાર્થીઓએ પ્રૉજેક્ટ્સ સહિત મૂલ્યવાન સાધનો પ્રદર્શિત કર્યાં અને વિષય સંલગ્ન સમજણ આપી.

આ પ્રસંગે પ્રતિભાદર્શન વિભાગમાં વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલ ભારતના બહુધા પ્રાંતનાં લોક નૃત્યો તથા શાસ્ત્રીય નૃત્યો, વાદન કૌશલ્ય, લઘુનાટક, હાસ્યનાટક આદિ નિહાળી અતિથિઓ મુગ્ધ થઈ ગયાં. પુસ્તકમેળા, આનંદમેળા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ખાણીપીણીના સ્ટોલમાં મહેમાનો-મુલાકાતીઓએ આનંદ લૂંટ્યો. મિત્ર પુનર્વસન કૅન્દ્રના મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓએ તેમને પગભર થવાના હેતુથી અપાયેલ વ્યવસાયલક્ષી તાલીમનો ઉપયોગ કરીને જાતે બનાવેલ ચીજવસ્તુઓના પ્રદર્શનનો સૌએ ઉત્સાહથી લાભ લીધો. સંતભગવંત સાહેબજીની હૃદયગત ભાવના અનુસાર વિદ્યાર્થીઓમાં રહેલી આવડત અને કૌશલ્યોનો વિકાસ સાધવાની તક આ પ્રદર્શન સ્વરૂપે આપવામાં આવી, જેની સૌએ સરાહના કરી. ◆

## અનુપમી સંતોના હીરક પ્રાગટ્યોત્સવ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે 'પારમિતા' સભાખંડમાં સંતભગવંત સાહેબજીની પરમ મંગલકારી ઉપસ્થિતિમાં સદ્‌ગુરુ સાધુ પ.પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. રાજુદાસજી, પૂ. અનીલદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. ચંદ્રેશદાસજી, પૂ. નરેન્દ્રદાસજી એમ કુલ સાત તપસ્વી અને વૈરાગી સંતોનાં હીરક પ્રાગટ્યપર્વની અલૌકિક ઉજવણી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કરી સૌએ આ સંતો પ્રતિનો પ્રેમ અને આદરભાવ મહિમા સાથે વ્યક્ત કર્યો.

સંતભગવંત સાહેબજીના હૈયે આ પર્વ ઊજવવાનો અનેરો આનંદ હતો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદાની દિવ્ય ઉપસ્થિતિમાં આ પર્વ પરમ ભક્તિભાવે ઉજવાયો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અનુપમ મિશનનાં મુંબઈથી લઈને માણાવદર સુધીનાં વિવિધ કૅન્દ્રોના ખૂબ મોટી સંખ્યામાં યુવાન ભક્તો પધાર્યા.

સભા પ્રારંભે સાધુ પૂ. પીટરદાસજીએ સૌ સંતોના મહિમાને ખૂબ સુંદર રીતે વ્યક્ત કરી સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં ભાવપૂજન અને પુષ્પહાર અર્પણ આ સંતોએ ગદ્‌ગદભાવે કર્યાં. ત્યારબાદ આ સાતેય સંતોના મહિમાની અદ્‌ભુત વાતો સાધુઓ પૂ. સુરેશદાસજી, પૂ. રવિદાસજી, પૂ. રમેશદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. મણિદાસજી, પૂ. મૂકેશદાસજી આદિ સંતોએ કરી. પોતાના હીરક પ્રાગટ્યપર્વે સાધુઓ પૂ. ચંદ્રેશદાસજી, પૂ. અનીલદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. સતીશદાસજી અને પૂ. નરેન્દ્રદાસજીએ પણ શ્રી ઠાકોરજી અને ગુરુહરિ સાહેબદાદાના શ્રીચરણોમાં પ્રાર્થનાભાવ ધર્યા અને આશિષયાચના કરી. આ અનુપમી સંતોની નિષ્કામભક્તિને બિરદાવી, તેઓને પુષ્પહાર અને ખેસ અર્પણ કરી, તેઓ પ્રતિ વિશેષ વંદના ધરી અભિવાદન કરવામાં આવ્યાં. વડીલ સાધુ પૂ. છગનદાસજીએ આ પ્રસંગે વિશેષ બે કાવ્યો રચ્યાં, જેનું પઠન કરવામાં આવ્યું.




અનુપમી સંતોના હીરક પ્રાગટ્યોત્સવની પ્રેમ-આદરભાવ સાથે મહિમાસભર ઉજવણી

સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં વિશેષ પૂજન-અભિવાદન કરાયાં. તેઓએ ધન્યભાવે સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોની કૃપા ને આશીર્વાદની અલૌકિક વાતો કરી. સાધુ પૂ. હરમીતદાસજીએ સભા દરમિયાન મનમાં ઉમટેલા ભાવોને સાંકળી ત્વરિત કીર્તન રચ્યું, તેનાં ગાન કરવામાં આવ્યાં.

સંતભગવંત સાહેબજીએ રાજીપો વ્યક્ત કરતાં અલૌકિક આશીર્વાદ વરસાવ્યા કે, 'આ સંતો દિવ્ય છે, તેમના મહિમાની વાતો સાંભળી આપણે પણ મહિમાથી ભર્યા બની જઈએ એ જ આ પ્રાગટ્યદિન ઉજવવા પાછળનો ભાવ છે. મહિમા વધે તો પ્રાપ્તિનો આનંદ વધશે. પ્રગટ સાધુ-સંતોના મહિમા ગાવા-સાંભળવાથી જીવન ધન્ય થઈ જાય. ભગવાન સિવાય કાંઈ ઇચ્છા નહિ, અન્ય કંઈ જોઈતું કે પામવું નથી એવા ભાવમાં જીવતા આ ભગવા હૃદયના સૌ સંતો છે.'

અંતે, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને આ સંતોને 'ચીંથરે વીંટેલાં રતન' જેવા ગણાવી 'યોગીના જશનું ગીત રે સાધુ...' કીર્તનની પંક્તિ યાદ કરી અને સૌ સંતોની પરાભક્તિને બિરદાવી. આ પ્રસંગે પધારેલા સૌ યુવાન ભક્તોએ અનુપમ સ્મૃતિ અને અદ્ભુત ભક્તિ રસધારમાં ભીંજાઈ આનંદ તથા સ્મૃતિ પ્રાપ્ત કર્યાં. ◆

## સુશ્રી સુવર્ણાબહેન કદમની સમર્પિત સેવા-ભક્તિનાં સન્માન

અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત માનસિક દિવ્યાંગ બાળકો માટેની શાળા-'મિત્ર પુનર્વસન કેન્દ્ર'નાં સ્થાપક આચાર્યા અને નિયામક સુશ્રી સુવર્ણબહેન કદમની સંતભગવંત સાહેબજીની આજ્ઞાએ સમર્પિત ભક્તિ એ પ્રત્યેક અક્ષરમુક્ત માટે આદર્શ ઉદાહરણ છે. છેલ્લાં ૩૦ વર્ષથી આણંદ જિલ્લાના અને ગુજરાતભરનાં અનેક દિવ્યાંગ બાળકોને સ્વનિર્ભર બનાવવાનું અદ્ભુત સેવાકાર્ય કરી રહ્યાં છે. અનુપમ મિશનની સેવાકીય પ્રવૃત્તિઓમાં સુવર્ણાબહેને સતત પ્રયત્નશીલ રહી દિવ્યાંગજનોના ઉત્કર્ષ માટે ઉમદા કાર્ય કરી અનુપમ મિશનની સુવાસ દેશ-વિદેશમાં પ્રસરાવી છે. તેઓનાં માર્ગદર્શન અને તાલીમ દ્વારા તૈયાર થયેલા વિદ્યાર્થીઓએ પણ અનેક ક્ષેત્રોમાં કાર્યાન્વિત થઈ અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. સુવર્ણાબહેન કદમની આવી અદ્વિતીય સેવાભાવનાની સમાજના લોકોએ પણ ખૂબ સરાહના કરી.

આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણીના ભાગ રૂપે વડોદરા સ્થિત ગુજરાતની વિખ્યાત સેવાભાવી સંસ્થા 'દીપક ફાઉન્ડેશન' દ્વારા ૭ માર્ચ ૨૦૨૪ના રોજ સમાજનાં આવાં રત્નોનાં સન્માનનો એક કાર્યક્રમ યોજાયો, જેમાં અત્યંત ઉમંગ સાથે સુવર્ણાબહેનની અતુલ્ય અને નિ:સ્વાર્થ સમર્પિત સેવા-ભક્તિને બિરદાવવામાં આવી. શ્રીમતી કાંતાબહેન મહેતાની પુણ્ય સ્મૃતિમાં યોજાતા આ ઍવોર્ડ અર્પણ કાર્યક્રમમાં સુવર્ણાબહેનને સન્માનિત કરી, તેઓની બહુમુખી પ્રતિભાની સરાહના કરવામાં આવી. આ સન્માનને અનુપમ મિશનનાં સન્માન ગણાવી સુવર્ણાબહેને કૃતજ્ઞતા વ્યક્ત કરી. સુવર્ણાબહેનની ભક્તિને સંતભગવંત સાહેબજી, યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્ગુરુ સાધુ પ.પૂ. રતિકાકા અને સદ્ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાએ પણ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૭ માર્ચના રોજ બ્ર.સ્વ. કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજાતી કીર્તન આરાધનામાં બિરદાવી શુભકામનાઓ અને આશિષ પાઠવી. ગુરુ આજ્ઞાએ જીવન અર્પી, સઘળું ન્યોછાવર કરી ભક્તિ કરતાં સુવર્ણાબહેનને અનુપમ મિશન પરિવારનાં ખૂબ ખૂબ અભિનંદન ! વંદન ! ◆

## શ્રદ્ધાંજલિ



**ચંપાબહેન દરજી :** કરજણ નિવાસી ચંપાબહેન દરજી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. મનુભાઈ દરજી સાથે જીવનનાં સત્સંગમયી વર્ષો વિતાવીને ચંપાબહેને અદ્ભુત ભક્તિ અદા કરી. પરસ્પર પૂરક બનીને કરજણ અને આસપાસનાં ગામોમાં ભગવાન અને સંતોના મહિમાનો વિસ્તાર કર્યો. વળી, સત્સંગસભામાં સૌને સક્રિય કર્યા. પોતાનાં સંતાનો મહેશભાઈ, રાગિનીબહેન, કલ્પનાબહેન, રક્ષાબહેન, સુલોચનાબહેન – સૌને સત્સંગનો વારસો આપી પરમ સુખિયા કર્યાં. તેઓની જીવન પર્યંતની ભક્તિ અને સત્સંગવારસાને પરિણામે જ તેમના પૌત્ર સરજુદાસજીએ યુવાન વયે સાધુ થઈ આત્માના કલ્યાણનો માર્ગ પસંદ કર્યો. સત્સંગની અનેક સેવાઓમાં સહભાગ આપનાર અને ભક્તિમાર્ગે આદર્શ પૂરો પાડનાર ચંપાબહેનને વિદાયવેળાએ પ્રણામ, વંદન ! ◆


**Statement about ownership and other particulars about newspaper**

**BRAHMANIRZAR**

(FORM IV, Rule 8)

| | | |
|---|---|---|
| 1. | Place of publication | : Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 2. | Periodicity of Publication | : Monthly |
| 3. | Printer's name, Nationality & Address | : Shri Pradip S. Giri, Indian<br>Prizam Printers and Publishers Ltd.<br>Premsagar, Nr. Madhuli Restaurant, Vallabhvadi,<br>Bhairavnath Road, Maninagar, Amdavad-8, Gujarat |
| 4. | Founder Editor | : Shantibhai F. Patel |
| 5. | Publisher's name, Nationality & Address | : Shri Dilipbhai V. Desai, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 6. | Editor's name, Nationality & Address | : Shri Sandipbhai R. Shah, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 7. | Name & Address of individuals who own the newspaper, shareholders and partner or Shareholders holding more than one percent of the total capital. | : Anoopam Mission<br>Registered Trust<br>Brahmajyoti,<br>Yogiji Marg, Mogri 388 345<br>Gujarat |

I Shri Dilipbhai V. Desai, hereby declare that the particulars above given are true to the best of my knowledge and belief.

Dilipbhai V. Desai
Signature of Publisher

**Date : 15 March, 2024**



ગુણાતીત જ્યોતમાં અ.નિ. પૂ. દેવીબહેન સ્મૃતિ-પારાયણ પૂર્ણાહુતિ મહાપૂજામાં આશીર્દાન



શારદા મંદિર, નડિયાદના વાર્ષિકોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન




ખાંધલી ગામે પ્રજ્ઞાચક્ષુ સેવાસંકુલનાં ભૂમિપૂજન પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદમાં 'ચરોતરના પાટીદારોની ગૌરવગાથા'નાં મુક્તાર્પણ



॥ સ્વામિશ્રીજી ॥

## ભાવભર્યું નિમંત્રણ !

**અહો આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !**
**આવો... પધારો... આનંદો...**
**રંગોત્સવે ભક્તિરંગમાં રંગાઓ...!**

### શ્રી યોગી સ્મૃતિદિન કીર્તન સંધ્યા

**૨૩ માર્ચ ૨૦૨૪, શનિવાર**

મહાપ્રસાદ : સાંજે ૬:૦૦થી ૭:૧૫

- કીર્તનભક્તિ-યોગીજીની કલમે પ્રગટ અધ્યાત્મગંગા, સાહેબજી પ્રાગટ્યોત્સવ-પ્રથમ સત્ર : સાંજે ૭:૩૦થી

### હોળી પર્વ

**૨૪ માર્ચ ૨૦૨૪, રવિવાર**

- બ્ર.સ્વ. ભગતજી મહારાજ પ્રાગટ્યોત્સવ : સવારે ૯:૩૦થી
- શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ પારાયણ, સાહેબજી પ્રાગટ્યોત્સવ-દ્વિતીય સત્ર : સાંજે ૪:૩૦થી

### ધુળેટી પર્વ

**૨૫ માર્ચ ૨૦૨૪, સોમવાર : સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ મુખ્ય સભા : સવારે ૯:૦૦થી**

પ્રત્યેક સભા પશ્ચાત્ શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ આપણે સાથે માણીશું.

સદ્ગુરુ સાધુ પૂજ્ય અશ્વિનદાદા, સદ્ગુરુ સાધુ પૂજ્ય રતિદાદા અને અનુપમ મિશનના સૌ સંતો વતી
સાધુ દિલીપદાસનાં વંદન સહ જય શ્રી સ્વામિનારાયણ !

**મહાઉત્સવ તીર્થ :** અનુપમ મિશન | શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ, સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર

બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી ૩૮૮ ૩૪૫, તા.-જિ. આણંદ, ગુજરાત
સંપર્ક ફોન : +૯૧ ૨૬૯૨ ૨૩૦૪૮૩, ૨૩૦૫૪૪, મૉ. : +૯૧ ૯૯૨૪૪ ૨૧૪૨૧

ROUTE MAP

# અનુપમી સંતોના
# હીરક મહોત્સવે અભિવાદન...
# હૃદયવંદન !



સાધુ પૂજ્ય ચંદ્રેશદાસજી



સાધુ પૂજ્ય યજ્ઞેશદાસજી




સાધુ પૂજ્ય અનીલદાસજી



સદ્‌ગુરુ સાધુ પૂજ્ય મનોજદાસજી



સાધુ પૂજ્ય સતીશદાસજી



સાધુ પૂજ્ય રાજુદાસજી



સાધુ પૂજ્ય નરેન્દ્રદાસજી



આશીર્દાન : સદ્‌ગુરુ સાધુ પૂજ્ય અશ્વિનદાદા



આશીર્દાન : સંતભગવંત પ.પૂ. સાહેબદાદા


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-03-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**